

કલમ કડછી બરછીના પ્રકાશન વિરામ વેળાએ સ્થાપક તંત્રી સ્વ.મુ.શાંતિભાઈને સમસ્ત જ્ઞાતિ વતી ૩૮મી પૂણ્યતિથિએ ભાવપૂર્ણ ભાવાંજલી



સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

# કલમ કડછી બરછી

શિક્ષણ • સેવા • સંરક્ષણ


જુલાઇ - ૨૦૨૫

વર્ષ : ૬૧ (અલવિદા અંક)

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

## બરછી પ્રકાશનના અંતિમ અંકે ૩૭ વર્ષ દરમ્યાનના લેખાજોખાં..

તંત્રી સ્થાનેથી..

સૌ પ્રથમ તો કલમ કડછી બરછીના સ્થાપક તંત્રી, જ્ઞાતિ ઐક્ય અને જ્ઞાતિસેવાની જ્યોતના મશાલચી સ્વ. મુ. શાંતિભાઈની ૩૮મી પૂણ્યતિથિએ બરછી દ્વારા અંતિમ ભાવાંજલી!

બરછી દ્વારા અસંખ્ય જ્ઞાતિજનોના જીવનવૃતાંત–લેખાજોખાં રજૂ કર્યા, મુ.શાંતિભાઈના જીવનકવન, કારકિર્દી વિશે અગાઉ ઘણી નોંધ લીધી છે, ત્યારે આ છેલ્લા અંકમાં સૌની જાણકારી માટે મારા ૩૭ વર્ષના કાર્યકાળના ચડાવ–ઉતારની તવારીખ, લેખાજોખાં જ્ઞાતિ સમક્ષ પ્રસ્તુત કરવાનો વિચાર આવ્યો..વાંચો

મુ.શાંતિભાઈના જ્ઞાતિને જોડવાના ઉદ્દેશથી શરૂ કરેલ બરછીનું પ્રકાશન ઋણતર્પણ તરીકે ચાલુ રાખવાનો વડીલબંધુ મહેશભાઈએ નિર્ણય લઈ 'બરછીની પ્રકાશન યાત્રા જારી રહેશે તેવી સપ્ટેમ્બર–૧૯૮૮માં જાહેરાત કરી.અને મનેં તંત્રી પદ સંભાળવા કહયું.જો કે મારો સાહિત્ય વાંચન–લેખન સાથે કોઈ જ નાતો નહિં, હું તો ૧૯૭૮થી પ્રિન્ટીગ પ્રેસનો ધંધાર્થી છતાં તંત્રી પદ સંભાળ્યું. જેની શરૂઆતમાં જાણીતા શિક્ષણવિદ્ લેખક શ્રી ભદ્રાયુભાઈ વછરાજાનીનો અને ત્યારબાદ ગુજરાતી સાહિત્યવિદ્ હાસ્યલેખક એવા વડીલબંધુ મહેશભાઈનો ઘણા વર્ષ સુધી સબળ ટેકો મળ્યો...સાદર વંદન..આ સાહિત્ય જ્ઞાતા દ્વારા નવા વિચારો અને અભિગમ સાથે વિવિધ વિભાગો શરૂ કર્યા, લોગો બદલાવ્યો,બરછી પ્રકાશનના ૨૫ વર્ષ નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી.જેમાં તેઓ બંને ઉપરાંત સાહિત્ય રસિક લેખક કવિ શ્રી પ્રકાશભાઈ હાથીએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી. ઈનામો અપાયાં. વરસો વીતતાં ગયાં..ભલે તે કક્ષાએ તો ન પહોંચાય કારણ ક્ષતિઓ –જોડણી દોષ ખૂંચ્યા હશે,વિવિધતા ઓછી થઈ હશે છતાં મારાં પાછલાં વર્ષોમાં સૌ તરફથી મળ્યું તે મારી કક્ષા મુજબ યથાશક્તિ ઉત્તમ આપવા સંન્નિષ્ઠ પ્રયાસ કર્યા.

જો કે વર્ષ ૧૯૯૮માં વ્યવસાયની વ્યસ્તતા અને કુટુંબની જવાબદારીના કારણોસર બરછી પ્રકાશન સ્થગિત કરવાનો નિર્ણય લઈ પાટોત્સવમાં જાહેરાત પણ કરવામાં આવી. પરંતુ કોઈપણ હિસાબે પ્રકાશન બંધ ન થવું જોઈએ તેવો દરેક શહેરમાં એક સૂરે જુવાળ ઉપડયો..આર્થિક સહકાર આપવા જ્ઞાતિજનોએ તૈયારી બતાવી,સંસ્થાઓમાં ઠરાવ પસાર થયા, નિઃસ્વાર્થ સેવા આપતા પ્રતિનિધિઓએ પણ તન મનથી સહયોગ આપવાની ઉદાત ભાવના બતાવી. આમ, સૌના આત્મીય સદ્ભાવ સામે ઝૂકી ગયા અને સેવાયજ્ઞ આગળ વધ્યો.મારા કાર્યકાળ દરમ્યાન અગાઉના પ્રતિનિધિઓએ વર્ષો સુધી અનન્ય સેવાઓ આપી ઘણા વય નિવૃત્ત થયા તો નવા પણ ઉમેરાયા.દિગ્ગજ લેખકો અને કવિઓની સાથે નવોદિતોએ પણ ઉત્તમ સાહિત્ય પીરસ્યું. બે પેઢીના બદલાવ, બદલાતા સમાચારોના સ્વરૂપમાં પાટોત્સવમાં પંગતથી બૂફે, સાહિત્ય કલાથી વિજ્ઞાન ટેકનોલોજી, યુવાનોમાં વધતો શિક્ષણનો વ્યાપ, દેશ અને વિદેશમાં પણ દરેક ક્ષેત્રે આગવું પ્રદાન,વિવિધ ક્ષેત્રે બહેનોની પણ આગેકૂચ, સંસ્થાઓ દ્વારા જ્ઞાતિ માટે થતી અનેકવિધ પ્રવૃત્તિઓ, સેવાકાર્યો સુધીના અનેક સમાચારો જ્ઞાતિ સુધી પહોંચાડવામાં બરછી માધ્યમ બન્યું, તો જાગરૂકતા એ કોઈપણ મુખપત્રનું અવિભાજ્ય અંગ છે તે બાબત ધ્યાનમાં રાખી વ્યક્તિગત રાગદ્વેષ વગર જ્ઞાતિના હિતમાં કડવા ઘૂંટ પણ બરછીએ પાયા છે.

માન–સન્માનોથી દૂર રહેવા છતાં ..જ્ઞાતિની સૈકા જૂની સંસ્થા શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈ દ્વારા વર્ષ ૨૦૦૨માં સ્વ. મુ. શાંતિભાઈને મરણોપરાંત 'જ્ઞાતિ રત્ન'નો ખિતાબ એનાયત કરવા નકકી કર્યુ, જે સ્વીકારવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. વર્ષ ૨૦૦૬માં સમસ્ત ગુજરાત નાગર પરિષદ દ્વારા 'જ્ઞાતિ ભૂષણ'એવોર્ડ,શ્રી વડનગરા નાગર મંડળ,ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૧૨માં 'જ્ઞાતિ રત્ન',નાગર બીઝનેસ એન્ડ પ્રોફેશનલ નેટવર્ક પ્રા.લી. દ્વારા

વર્ષ ૨૦૧૬માં 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ' એવોર્ડ એનાયત થયો અને છેલ્લે... તાજેતરમાં ૨૦૨૫માં અમદાવાદ ના શ્રી કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળ દ્વારા 'જ્ઞાતિ રત્ન'નો એવોર્ડ એનાયત થયો જે સહર્ષ સ્વીકાર્યો. ભુજ, જૂનાગઢ,જામનગર,રાજકોટની સંસ્થાઓમાં વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પણ સાંપડયું. ખુશી જરૂર થાય પરંતુ સમસ્ત જ્ઞાતિએ બરછીને હૃદયકમળમાં સ્થાન આપી જે અઢળક પ્રેમ લાગણી અને હૂંફ આપી, 'બરછીવાળા ધોળકિયા પરિવાર'ની એક આગવી ઓળખ આપી મુઠ્ઠી ઉંચેરૂં સ્થાન આપ્યું છે તે સર્વોચ્ચ અને અમૂલ્ય સન્માન છે. આ દરેકનું ઋણ તો ચૂકવી શકું તેમ તો નથી...સાભાર નોંધ લઈ હળવો બનું છું.

<u>અમે–બરછીએ કેવાં કેટલાં પરિવર્તન જોયાં :</u>

બરછી મેન્યુઅલ બીબાં ગોઠવીને છપાતું ફોટા માટે બ્લોક બનતા,૧૯૯૫થી ઓફસેટ મશીનમાં છપાતું થયું.શરૂઆતમાં તો ટાઈપ સેટીંગ પ્રોસેસ પણ બહાર જોબવર્કથી થતી..બાદમાં કોમ્પ્યૂટર આવ્યું.શરૂઆતમાં ઓપરેટર દ્વારા બાદમાં મેં તાલીમ મેળવી પોતે જ ત્રીસેક વર્ષ ટાઈપ સેટીંગ લે આઉટ કર્યા. આ સમયમાં નાની મોટી ફલોપી, સીડી,પેન ડ્રાઈવથી શરૂ કરી ઓનલાઈન ફાઈલ મોકલી ને એક કલાકમાં ઓફસેટની પ્લેટ તૈયાર થતી ટેકનોલોજી પણ જોઈ.બરછી અને અન્ય કામોમાં સીંગલ કલરથી ફોર કલર સુધીના અનુભવ મેળવ્યા.

બરછી શરૂ થયું ત્યારે લવાજમ રૂા. ૩.૬૦ પૈસા હતું પોસ્ટલ ચાર્જ ૨ પૈસા હતો..૧૯૮૫માં રૂા. ૧૦ ૧૯૯૫માં રૂા. ૩૦ હતું. પોસ્ટકાર્ડ–કવરથી અને કુરિઅર દ્વારા મળતા પત્રો–સમાચારો, ઈ મેઈલ ને વ્હોટસએપ થી મળતા થયા. શરૂઆતમાં ગ્રાહકોના સરનામા હાથે લખવામાં આવતાં હતાં.આ સેવા આપનારના નામની યાદી ઘણી લાંબી થાય તેટલા બંધુઓએ સેવાઓ આપી હશે. સને ૧૯૯૦માં મિત્રતા અને બરછી પ્રત્યે સુભાવથી ગીરિન અરૂણભાઈ બક્ષી (હાલ ભુજ)અને હર્ષલ પિનાકીનભાઈ બક્ષી(હાલ વડોદરા)એ ગ્રાહકોના એડ્રેસની કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી આપી જેની પ્રિન્ટ કાઢી સરનામા ચોટાડવામાં આવતાં કામ સરળ થયું..તો વર્ષ ૨૦૦૧માં સ્વજનસમા મિત્ર વિશ્વેશ ઘનશ્યામભાઈ વૈષ્ણવે અંગત રસ અને ઘણી મહેનત લઈ ડોઝબેઝ પ્રોગ્રામ તૈયાર કરી આપ્યો. સુવિધામાં ઉમેરો થયો.૨૦૧૨થી મારા IT Engineer પુત્ર અંકુર દ્વારા ઘણું ડીજીટલાઈઝેશન થયું, આધુનિક મેઈલીંગ પ્રોગ્રામ તૈયાર કર્યો.જેમાં મોબાઈલ નં.થી SMS દ્વારા પહોંચ મળવાની અને જે સરકાર દ્વારા બંધ કરવામાં આવતાં વ્હોટસએપથી પહોંચ મળવા જેવી ઘણી સુવિધાઓ ઉમેરી. લગ્ન વાંચ્છુકોને સહાયક થવાના ઉદેશથી 'વેડ હેલ્પ' પ્રોગ્રામ તૈયાર કર્યો. barchhi.com નામે વેબસાઈટ બનાવી.તેમણે જ દર મહિને અંકો મૂક્યા..માત્ર લવાજમ ઉપર જ નિર્ભર બરછી માટે ખર્ચની દ્રષ્ટિએ આ શકય ન થઈ શકે પરંતુ શાંતિભાઈની ત્રીજી પેઢીએ પૌત્ર અંકુરે પણ દાદાની સ્મૃતિ રૂપ બરછી માટે આ રીતે પોતાનું યોગદાન આપ્યું.

આમ, અનેક ખટમીઠી યાદો સાથે આજે ૬૧ વર્ષની સુદીર્ઘ યાત્રા આખરી મુકામે પહોંચી છે જેના સમાપન ટાંકણે બરછીના સેવાભાવી પ્રતિનિધિઓ,વાંચક સમુહ,જ્ઞાતિ સંસ્થાઓ,વિજ્ઞાપન દાતાઓ, મિત્રો– શુભેચ્છકોના સાથ સહકાર બદલ અંતરથી આભારી છું.શાંતિભાઈના સમયમાં આજે પણ એકજૂટ એવા સંયુકત કુટુંબના ધોળકિયા પરિવારજનોનો, બાદમાં મારાં જીવનસંગિની, સંતાનોનો પણ સાથ–સંગાથ સાંપડયો, જેની પણ સાદર નોંધ લેવી ઘટેજ. અંતમાં, કોઈ માટે અંગત દ્વેષ નથી છતાં મારા દ્વારા કોઈને પણ મન દુઃખ થયું હોય તો ક્ષમા પ્રાર્થી છું.

સમસ્ત જ્ઞાતિ પર હાટકેશદાદાની કરૂણા કૃપા વરસતી રહે,ઐક્ય અને સંગઠન મજબૂત બને,અહમ્ ઓગળે, તન મનથી નિરોગી રહીએ એજ અભ્યર્થના સહ સૌનું શુભ–મંગલ થાઓ તેવી કામના..

– વિરેન શાં.ધોળકિયાના જય હાટકેશ..વંદન!

# સ્વબળે સ્વપ્ન ઉડાન ભરતો ગીતાર્થ
## (વિદેશની ધરતી પર ડિફેન્સ સેક્ટરમાં ૨૪ વર્ષનો ભારતીય યુવક)

'ટોપલીમાં તેજ લઇ નીકળી પડો,
પાણીની વચ્ચેથી રસ્તા થઇ જશે' -- શ્રી મનોજ ખંડેરિયા




"A 'WILL' will find a way" આ વાક્યને સંપૂર્ણ ચરિતાર્થ કરી ગીતાર્થ ભારતથી દરિયાઓ ઓળંગી નવયુગની જ્ઞાનસંપદાના સાગરને ખેડવા...ઓસ્ટ્રેલિયા પહોંચ્યા. અને એકવીસમી સદીની ટેકનોલોજીની હરીફાઈને આંબવા દોટ લગાવી! માત્ર નાગર જ્ઞાતિ માટે જ નહિ પણ આપણા રાષ્ટ્ર માટે પણ ગૌરવ અને ગર્વ સમાન સિદ્ધિઓ હાંસલ કરી! મેળવ્યા અનેક સન્માનનીય એવોર્ડ.

આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીથી શરૂ કરીને એવોર્ડ વિજેતા Defence Technologist અને AI Leader તરીકેની પ્રશંસનીય યાત્રા કરનાર એક ઉજ્જવળ નામ એટલે ગીતાર્થ રજનીશ વૈષ્ણવ. શ્રેષ્ઠ શૈક્ષણિક કારકિર્દી, ટેકનોલોજીમાં નવીન સંશોધન અને નિર્ધારિત ધ્યેય પ્રત્યે પરિણામલક્ષી પ્રતિબદ્ધતા-ગીતાર્થ વૈષ્ણવની યશકલગીના રંગીન પીંછાઓ છે.

ગીતાર્થએ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી સિડની (UTS) માં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ડેટા એનાલિટિક્સમાં કમ્પ્યુટિંગ સાયન્સ (ઓનર્સ)માં સ્નાતકની પદવી મેળવી. DroneShield માટે Counter-UxS Threat Intelligence પરના તેમણે કરેલા ઉત્કૃષ્ટ સંશોધન બદલ તેમને યુનિવર્સિટી સુવર્ણ ચંદ્રક (GOLD MEDAL) સન્માનિત કરવામાં આવ્યા.

Indian IT Majorના ઉચ્ચ અધિકારી રજનીશ વૈષ્ણવ અને સૌ. સેજલના, બાળપણમાં અતિ ચંચળ અને જિજ્ઞાસુ, પુત્ર ગીતાર્થએ 15 વર્ષની વયે રાજ્યકક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું. સ્વિમિંગ દ્વારા તેઓની ધ્યેયલક્ષી માનસિકતા અને પ્રતિબદ્ધતા જેવા ગુણો કેળવાયા. બારમા ધોરણથી જ પોતાની અનોખી કારકિર્દીની કેડી કંડારવાનો મનોરથ લઈને AI ની દુનિયામાં પોતાનું નામ ઝળહળ કર્યું છે. દાદી દાદા સૌ. ભગવતીબેન અને તારકેશભાઈ પાસે ગ્રંથ પુરાણોની વાર્તાઓ સાંભળી અવનવા અને કુતુહલવશ અઢળક સવાલો કરનાર ગીતાર્થ UTS ના વિદ્યાર્થીઓ અને AI ઇન્ડસ્ટ્રીના પ્રોફેશનલ્સ માટે Programming, Machine Learning and Deep Learningમાં Teaching Assistant, Speaker, અને Mentor તરીકે સેવાઓ આપી, સર્વ પ્રથમ UTS Tech Festivalના Co-Founder અને UTS Tech Communityના આધારસ્તંભ બની રહ્યા છે.

અભ્યાસની સાથે ગીતાર્થએ UTS Robotics Instituteમાં AI & Robotics Software Engineer તરીકે કાર્યરત રહી Defence Projectsમાં વિશિષ્ઠ યોગદાન આપ્યું... આ મહત્વપૂર્ણ

યોગદાનથી UTSને ઓસ્ટ્રેલિયાના કેટલાક સન્માનનીય એવોર્ડ મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓએ વિદેશમાં માત્ર અર્થોપાર્જનનો જ આગ્રહ નહિ રાખતા તેમના પસંદગીના ક્ષેત્રમાં જ વ્યવસાયિક સેવાઓ આપી અભ્યાસને આગળ વધાર્યો.

ગ્રેજ્યુએશન પછી, ગીતાર્થ DroneShieldમાં AI Software Engineer તરીકે જોડાયા, જ્યાં તેમણે Counter-Drone Systems માટે Sensor Fusion AI ને આગળ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી — જે High-Stake Environmentsમાં Real-Time, Actionable Intelligenceને સક્ષમ બનાવે છે. તેમના ફાળાએ DroneShieldને ઓસ્ટ્રેલિયન ડિફેન્સ ઇન્ડસ્ટ્રીમાં અનેક ગણનાપાત્ર સિદ્ધિઓ મેળવવામાં મદદ કરી.

ગીતાર્થના વ્યક્તિગત સન્માનોમાં AI અને defence innovationમાં ઉભરતા લીડર્સ (Emerging Learders) માટેના કેટલાક ઉચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારોનો સમાવેશ થાય છે:

1. AI Rising Star of the Year – SME, Australian AI Awards 2024: Sensor Fusion AI અને Intelligent Threat Analysisમાં તેમના અગ્રણી કાર્ય માટે આ પુરસ્કાર મળ્યો

2. AIIA iAward 2024 - ASARS (Aerial Search and Rescue System) — શોધ અને બચાવ મિશનમાં કટોકટી સેવાઓને મદદ કરવા multi-UAV AI સિસ્ટમ માટે.

3. Rising Star of the Year – SME, Australian Defence Industry Awards 2025 ઓસ્ટ્રેલિયન ડિફેન્સ ઇન્ડસ્ટ્રીમાં અવિરત પ્રયાસો અને DroneShieldમાં Next - Gen Counter - UxS Systemsને આકાર આપવામાં અને Innovation, Mentorship અને Technical Leadership દ્વારા ઑસ્ટ્રેલિયાની Sovereign Defence Technology Landscapeમાં ફાળો આપ્યો તે માટે આ સન્માન મળ્યું.

ઇલાબેન અને બિપીનચંદ્ર વૈદ્યના દોહિત્ર ગીતાર્થ એન્જિનિયરિંગ ઉપરાંત ઓસ્ટ્રેલિયાની Defence, AI અને Tech Communityમાં આદરણીય સ્થાન ધરાવે છે. તેઓ Google I/O Extended Sydney 2024માં Panellist તરીકે અને UTS Tech Festival 2025 બંનેમાં અનુક્રમે Keynote Speakerઅને Judge તરીકે સેવાઓ આપી, આજે પણ તેઓ શિક્ષણ અને ઉદ્યોગ બંને માટે નિયમિતપણે Panellist, Keynote Speaker, Podcaster, અને Judge તરીકે સક્રિય ફાળો આપે છે.

આગામી સમયમાં,ગીતાર્થ Sovereign અને Globally Interoperable Defence AI Systemsને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે — જેમાં Human-Machine Teaming (માનવ અને મશીનની સહભાગિતા), Trusted Autonomy અને Mission-First Design પર વિશેષ ભાર આપશે.

"तेजस्विता न अवधि तमस्तु"
આપણા તેજભર્યા નાગર તારકની અવનવી સિધ્ધિની મજલ હંમેશ તેજોમય રહો!

સંકલન : વિશાખા મૌલેશ પોટા
મુંબઈ - વડોદરા



## એન્જીનિયરીંગમાં બેવડી પદવી મેળવતા ઈશાન મંકોડી

હૈદરાબાદ સ્થિત શ્રીમતી હેમાલી અને શ્રી નિમિત્ત મંકોડીના પુત્ર ચિ. ઇશાને IIT Madras માંથી B. Tech. Honours (Engineering Physics) તથા M. Tech. (Electrical) ની પદવી ૯.૨ CGPA સાથે ઉત્તીર્ણ કરી જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. હાલમાં તે ગુરુગ્રામ સ્થિત LAT Aerospace સ્ટાર્ટઅપમાં કાર્યરત છે. ચિ. ઇશાન શ્રીમતી નયના અને શ્રી કિશોરચંદ્ર મંકોડીના પૌત્ર તથા શ્રીમતી સુરભિ અને શ્રી સુરેશચંદ્ર માંકડના દોહિત્ર છે.

પરિવાર તથા જ્ઞાતિને ગૌરવ બક્ષનાર ચિ. ઈશાનને અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## કુ. રૂદ્રી કચ્છી તથા કુ. સોનલ ખારોડે સી.એ.ની પદવી મેળવી



રાજકોટ સ્થિત શ્રી અનિલભાઈ કચ્છી અને સુરભિબેન કચ્છીનાં પુત્રી કુ. રુદ્રી કચ્છીએ મે – ૨૦૨૫ માં લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરી, કચ્છી અને માંકડ પરિવાર નું નામ રોશન કર્યું છે.

કુ. રુદ્રી સ્વ. શશિકાંતભાઈ કચ્છી અને સ્વ. પુષ્પાબેન કચ્છીનાં પૌત્રી અને શ્રી કપિલભાઈ માંકડ અને સ્વ. પીનાકીનીબેન માંકડનાં દોહિત્રી થાય.



જુનાગઢ સ્થિત કુ. સોનલ મુકુલ ખારોડે મે – ૨૦૨૫ માં લેવાયેલ C.A. Finalની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી મેળવી છે.

ચિ. સોનલ, મુકુલ ચંદ્રમુખરાય ખારોડ તથા ફાલ્ગુની મુકુલ ખારોડનાં પુત્રી, જુનાગઢના સ્વ. ચંદ્રમુખરાય જે. ખારોડ તથા સ્વ. પુષ્પાબેન ચંદ્રમુખરાય ખારોડનાં પૌત્રી તથા રાજકોટના સ્વ. કૌશીકરાય એન. માંકડ તથા સ્વ. રમણબેન કૌશીકરાય માંકડનાં દોહિત્રી થાય.

## કુ. કાવ્યા વોરાનું આરંગેત્રમ યોજાયું



કુ. કાવ્યા - હિમાલી અને હિતાંશુ વોરાનાં પુત્રી, આરંગેત્રમ ૧ જૂન ૨૦૨૫ના રોજ ટાગોર હોલ, અમદાવાદ ખાતે યોજાય ગયું. અમદાવાદની શેઠ સી.એન. વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરી રહેલ કાવ્યાએ આઠ વર્ષની ઉંમરથી ભરતનાટ્યમની તાલીમ લેવાની શરૂઆત શિવાંજલી ડાન્સ ઇન્સ્ટિટ્યૂટના નિર્દેશક અને કલાગુરુ શ્રીમતી ચક્ષુ સુલય શાહ પાસે કરી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પ્રસિદ્ધ ગાયક, સ્વરકાર શ્રી પ્રહર વોરા ઉપસ્થિત રહ્યા હતા.

આરંગેત્રમમાં કાવ્યાએ પુષ્પાંજલિ, ગણેશકૌત્વમ, અલારિપ્પુ, જતિસ્વરમ, શબ્દમ, વર્ણમ, અયિ ગિરિનંદિની, ભો શંભો, તિલ્લાના અને મંગલમ કૃતિઓ પ્રસ્તુત કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ચિ. કાવ્યા, શ્રીમતી ડો. નિરંજનાબેન તથા સ્વ. શ્રી શ્વેતકેતુ વોરાનાં પૌત્રી અને જૂનાગઢ નિવાસી સ્વ. શ્રી કૃષ્ણકુમાર અને સ્વ. શ્રીમતી દેવર્ષીનીબેન વોરાનાં દોહિત્રી થાય છે.



**રાજકોટનાં અમદાવાદ સ્થિત શ્રીમતી મોના અને શ્રી રક્ષેશ ઓઝાના પુત્ર સૃજન ઓઝા યુનિવર્સિટી ઓફ વિન્ડસર-કેનેડાથી Masters in Applied Computing માં ૮૨ ગ્રેડ સાથે ઉતીર્ણ થઈ, કેનેડાની સૌથી જૂની અને જાણીતી Royal Bank of Canada (RBC), ટોરેન્ટોમાં Sr. Full Stack Developer તરીકે જોડાયા.**

**ચિ. સૃજન, સ્વ. સરલાબેન જયેન્દ્રભાઈ ઓઝા (રાજકોટ)ના પૌત્ર અને સ્વ. પ્રતિભાબેન સુરેશભાઈ બુચ (પોરબંદર) ના દોહિત્ર થાય. અભિનંદન સહ ઉજ્વળ ભવિષ્યની શુભકામનાઓ.**

જુનાગઢ : અત્રેનાં કુ. દેબશ્રી નિલેશભાઈ નાણાવટીએ ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાયેલી એલએલ.એમ. ફાઇનલ સેમેસ્ટર પરીક્ષા પ્રથમ વર્ગ સાથે ઉતીર્ણ કરી.

રાજકોટ : અત્રેના શ્રી ડાકોરભાઈ ત્રિવેદીનાં પુત્રી ઉષ્માબેન અત્રેની સાંદિપની ઇંગ્લીશ મીડીયમ હાઈસ્કૂલમાં જોડાયાં અને પ્રિન્સિપાલ તરીકે નિમણૂંક મેળવી.

અમદાવાદ : ઈસરોમાં ઇજનેર તરીકે કાર્યરત શ્રી દેવાંગ મહેશભાઈ માંકડ દ્વારા, સ્કૂલના બાળકો માટે લખાયેલું હિન્દી પુસ્તક, "उपग्रह डेटा का सफ़र: अंतरिक्ष से आप तक" નું  વિમોચન, સાંસદોની બનેલ રાજભાષા નિરીક્ષણ સમિતિની બેઠક દરમ્યાન, માનનીય સાંસદોની હાજરીમાં અમદાવાદ ખાતે સંપન્ન થયેલ. સંપર્ક: ૯૪૨૮૯૧૩૫૧૯

કચ્છમાં આશરે ૧૫૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં મહાન યોગી અને તપસ્વીની આનંદ લહેરી (માજીબા)ના જીવન આધારિત ઓનલાઇન સ્મૃતિ કસોટીનું મા. મંજુલબેન અને શ્રી લક્ષ્મીલાલ વી. માંકડ ચેરિ. ટ્રસ્ટ દ્વારા આયોજન થઈ ગયું. જેમાં ભુજ ઉપરાંત અંજાર, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઈના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ગુરુપૂર્ણિમાના રોજ ભુજ ખાતેના ધ્યાન ખંડમાં આ કસોટીના પ્રમાણ પત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. દિનેશભાઈ લ. માંકડ ના સમગ્ર આયોજનમાં ભાવેશભાઈ માંકડે વિશેષ સહયોગ આપ્યો હતો.

<u>સગપણ :</u>

અમદાવાદ નિવાસી તુષારભાઈ તથા હીનાબેન મહેતાનાં પુત્રી તનુશ્રિનું સગપણ રાજકોટના હાલ સુરત નિવાસી ઉદયભાઈ તથા મીનાબેન હાથીના પુત્ર મૌલિક સાથે થયું.

અમદાવાદ સ્થિત શ્રીમતી રૂપેણ અને શ્રી મનીષ બીપિનચંદ્ર કીકાણીના પુત્ર કર્ણવ નું સગપણ જૂનાગઢના મુંબઈ સ્થિત શ્રીમતી માધવીબેન અને શ્રી રાજીવભાઈ લલિતભાઈ પાઠકનાં પુત્રી કિંતવ સાથે થયું.

રાજકોટ સ્થિત શ્રીમતિ ભાર્ગવી નીતિન માંકડ અને શ્રી નીતિન કૌશિકરાય માંકડના પુત્ર ચિ. હિતનું સગપણ સાવરકુંડલા નિવાસી શ્રીમતિ હર્ષાબેન વિ. મહેતા અને શ્રી વિજયભાઈ જટાશંકર મહેતાનાં પુત્રી કુ. હેમાદ્રિ સાથે થયું.

<u>જોઈએ છે</u> - કન્યા : જ.તા. ૫/૧૯૯૫, ઉં. ૫'.૧૦" બી.ઇ. (મિકેનિકલ) સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને કન્યા. સંપર્ક - જૂનાગઢ : મો. ૯૪૨૭૫૦૧૦૮૫

કલમ કડછી બરછીના આ ૩૨ પાનાના છેલ્લા અંકમાં ૩૭ વર્ષ દરમિયાન પણ જ્ઞાતિના કેવા દિગ્ગજ લેખકો-કવિઓએ જ્ઞાતિને કેટલું સમૃદ્ધ વાંચન આપ્યું, તેનાથી વાકેફ કરવા તથા આ સૌના પુષ્કળ વાંચન, ચિંતન મનન દ્વારા મેળવેલ બૌદ્ધિક જ્ઞાન, પ્રજ્ઞાનો પરિચય થાય તેવા લેખ કાવ્યો બરછીમાં પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ. તો  છેલ્લા થોડા વર્ષથી બરછી સાથે જોડાયેલા લેખકો કવિઓની કસાયેલી કલમ દ્વારા લિખિત લઘુવાર્તાઓ, કાવ્યોનો પણ આસ્વાદ કરાવી રહ્યા છીએ.

દરેક કૃતિ દ્વારા દીર્ઘ દ્રષ્ટિ, અધ્યાત્મ ચિંતન, શીખ, કાળક્રમે બદલાતા સમાજનું દર્શન કરાવે છે.

દિવંગત લેખકો-કવિઓને સ્મરણાંજલિ તો અન્ય સૌ હૃદયપૂર્વક અહોભાવ!- તંત્રી

# શ્રી રાજકોટ સ. ના. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે જ્ઞાતિવડીલોનું અભિવાદન

શ્રી અનંતજી વડનગરા નાગર બોર્ડિંગ ખાતે રવિવાર, તા. ૬.૭.૨૦૨૫ના રોજ શ્રી રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે રાજકોટ સ્થિત ૯૦+વયનાં ૪૦ જ્ઞાતિવડીલોનું સ્મૃતિ- પ્રતીક અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું, સમારંભનું અતિથિવિશેષ પદ અખિલ ભારતીય નાગર પરિષદ, રાજકોટના પ્રમુખ શ્રી જ્યોતિષભાઈ બક્ષીએ શોભાવ્યું હતું. સવારથી સતત વરસાદ હોવા છતાં બહોળી સંખ્યામાં હાટકેશજનો હાજર રહ્યા. ભારત ભરમાં કદાચ કોઇપણ એક જ શહેર માં ૪૦ જેટલા ૯૦+ વડીલો ને પ્રથમવાર સન્માનવામાં આવ્યા હશે.આજના સમયમાં વડીલ વંદના- સન્માનનો પ્રેરક વિચાર વધાવવા યોગ્ય છે.

આ સંસ્થા સાથે શરૂઆતથી જોડાયેલા નિષ્કામ સેવક શ્રી જલેન્દુ જોષીપુરા અને ટ્રસ્ટના અન્ય સભ્ય શ્રી દેવાંગ મંકોડી-પ્રમુખ, શૈલેષભાઈ વસાવડા-ખજાનચી, ટ્રસ્ટીશ્રીઓ મકરંદભાઈ વોરા,કિરીટભાઈ હાથી, યોગેન્દ્ર -ભાઈ વોરા, યજ્ઞેષ માંકડ, સૌ. જ્યોતિ અંજારિયા, સૌ. નયનાબેન છાયાએ આયોજન માટે લીધેલી મહેનત અભિનંદનને પાત્ર છે.

આજના સમયમાં ત્રણ પેઢી સાથે તાલમેલ સાધીને મક્કમ મનોબળ, દરેક બાબતોમાં જીવંત રસ શોખ, અને અગાઉ લીધેલા શારીરિક શ્રમ વગેરે આ વયે પણ એકંદરે સ્વસ્થ રહી શકવાનું રહસ્ય છે.

સન્માનનીય વડીલોમાં સ્નેહલીલાબેન વામનપ્રસાદ દેસાઇ,વત્સલાબેન ભાસ્કરરાય પોટા, ગજેન્દ્રભાઈ મોહનલાલ છાયા, રસિકભાઈ હરખલાલ બૂચ, દિનસૂતાબેન નિલકંઠરાય બૂચ, રમેશભાઈ ચુનિલાલ વૈશ્નવ, જયકાંતભાઈ અનંતરાય માંકડ, મહેન્દ્રભાઈ રસિકલાલ વસાવડા, રમેશભાઈ વસંતરાય પંડ્યા, અનિલકાંતાબેન મહેન્દ્રરાય ધોળકિયા, શશિકાંત ઇશ્વરલાલ છાયા, સૂર્યકાંતભાઈ મતિશંકર છાયા, કૌશલ્યાબેન નલિનકાંત શુક્લ, રંજનબેન બિહારીલાલ ઢેબર, ઇન્દિરાબેન નરહરિભાઈ વસાવડા, ઇન્દિરાબેન કૌશિકરાય વૈદ્ય, મૃણાલિનીબેન કનકપ્રસાદ વસાવડા, કોકિલાબેન ઘનશ્યામભાઈ વૈશ્નવ, શારદાબેન અજિતરાય જોશીપુરા, હર્ષાબેન યોગેન્દ્રભાઈ બૂચ, વિરેન્દ્રરાય ગણપતરાય પંડ્યા, ઉપેન્દ્રરાય મૂળશંકર માંકડ, નિરંજનભાઈ શાંતિરાય ઓઝા, કુમુદબેન વિનોદરામ ઓઝા, ઉપેન્દ્રભાઈ રસિકલાલ આચાર્ય, કપિલરાય ભુપતરાય માંકડ, ઇશ્વરીબેન મનસુખભાઈ રીંડાણી, અરવિંદભાઈ ભોગીલાલ નાણાવટી, કલ્પનાબેન ઇન્દ્રવદન છાયા, પુરણભાઈ ઉત્તમકુમાર વસાવડા મહેશ્વરીબેન યોગેન્દ્રરાય ઢેબર, પ્રવીણભાઈ શાંતિલાલ વસાવડા, પ્રવિણાબેન હર્ષકાંતભાઈ હાથી ભાસ્કરભાઈ પ્રભુલાલ વોરા, સુલોચનાબેન જયકાંતભાઈ માંકડ, પિનાકીનભાઈ સૂર્યશંકર શુક્લ, કુંજલતાબેન જગદીશચંદ્ર ઘોડાદ્રા ડાકોરભાઈ માર્કંડરાય ત્રિવેદી,વિદુલાબેન હરીશ્ચંદ્રભાઈ શુક્લ રસીલાબેન મહેશભાઈ મારૂનો સમાવેશ થતો હતો.



શ્રી રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વ મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ગત વર્ષ મુજબ રાજકોટ સ્થિત શિક્ષણ સંસ્થા માં અભ્યાસ કર્યો હોય તેવા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક પુરસ્કાર એનાયત કરવામાં આવશે. જે માટેના ફોર્મ તરીકે ૩૧ ઓગસ્ટ સુધી સ્વીકારવામાં આવશે.પહેલા ધોરણ થી નીચેના બાળકોની વિગત માત્ર whatsapp થી રજૂ કરવાની છે. ધોરણ ૧ થી ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓએ અરજી પત્રક પાછળ ફક્ત અને ફક્ત સ્કૂલ આઈડેન્ટિટી કાર્ડની કોપી જ રજૂ કરવાની છે..અન્ય પુરાવાની જરૂર નથી.ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓએ માર્કશીટ અચૂક રજૂ કરવી. વધુ વિગત માટે શ્રી જલેન્દુભાઈ જોશીપુરા-94265 93547 નો સંપર્ક કરશો.

# જુનાગઢ ખાતે છાયા માંકડ પરિવારનું સ્નેહ મિલન

તાજેતરમાં તા. ૭ અને ૮/૬/૨૫ બે દિવસ દરમ્યાન સ્વ. છેલશંકર જટાશંકર છાયા, સ્વ. હરખશંકર જટાશંકર છાયા, સ્વ. ચંદ્રીબેન અમૃતલાલ માંકડના સમગ્ર પરિવારના "સ્નેહ મિલન"નું જુનાગઢ ખાતેના શ્રી નરસિંહ મહેતા ધામ ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું.

"સ્નેહ મિલન" ની શરૂઆત જુનાગઢ સ્થિત હાટકેશ મુરબ્બીઓ તેમ જ ધોરાજી સ્થિત શ્રી રામચરિત માનસ સુંદરકાંડ મંડળના સભ્યો દ્વારા શ્રી સુદરકાંડ પઠનથી કરવામાં આવી.

આ દરમ્યાન ઉપસ્થિત ૮૫ વર્ષની વયથી ૮(આઠ) માસની ઉંમર સુધીના લગભગ ૧૫૦ કૌટુંબિક સભ્યોનો પરિચય, TWI-Talent Within Industry- કૌટુંબિક પ્રતિભાશાળી સદસ્યો દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી. તો રાત્રે જુનાગઢના શ્રી સંજુભાઈ મહેતા અને એમની ટીમના સદસ્યો દ્વારા શ્રી માતાજીના વિવિધ બેઠા તેમજ ફરતા ગરબાની રમઝટથી વાતાવરણ અલૌકિક બની રહ્યું.

સર્વે કૌટુંબિક સભ્યોએ બીજા દિવસની શરૂઆત કાઠીયાવાડી નાસ્તા સાથે કરી એક-બીજા સાથે ખુબ જ નજીકથી ગોષ્ઠી કરી બપોરનું સુંદર ભોજન લઈ બપોર બાદ સૌ છૂટા પડ્યા.

બંને દિવસ દરમ્યાન વિવિધ પારિવારિક કાર્યક્રમો, ભાવતાં ભોજન તેમ જ છેલ્લે દરેક કૌટુંબિક સદસ્યોને યાદગીરી રૂપે સુંદર ભેટ તેમ જ મીઠાઈ અર્પણ કરી, સહુની ઉપસ્થિતિ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

આજના સોશિયલ મીડિયાના માધ્યમથી પરોક્ષ સંપર્કમાં રહેતા સૌએ પ્રત્યક્ષ મળી વધુ નિકટ આવી અગાઉના સમયના અનુભવો વાગોળ્યા અને વિચારોની આપ-લે કરી સંબંધો વધુ સુદ્રઢ કર્યા.

---

## એક જ જ્ઞાતિ સંસ્થા શા માટે નહીં?

(તંત્રીની કલમે...આ મંતવ્ય ડિસેમ્બર-૧૯૯૧ના અંકમાં પ્રકાશિત કર્યું હતું જે આજના સમયમાં પણ વિચારવા યોગ્ય જણાતાં પુન: પ્રકાશિત કરી રહ્યા છીએ.)

તાજેતરમાં જુનાગઢ અને ભુજની મુલાકાત લેવાનો બનતાં કેટલાક વિચાર વમળ સર્જાયા તેને જ્ઞાતિજનો સાથે મમળાવુ છું.

જ્ઞાતિ એકતા, સંપ- સંગઠન જ્ઞાતિની વાડી સુવિધાનો અભ્યાસ કરતાં તથા સંસ્થાઓની પ્રવૃત્તિઓની ઝલક મેળવતાં એટલું તારણ કાઢી શકાય તેમ છે કે આ દરેક બાબત પાછળ કોઈ પણ એક જ સંસ્થા હોવી જરૂરી છે. અને તે પણ ચોક્કસ ઉદ્દેશો, સિદ્ધાંતો પર રચાયેલી હોવી જોઈએ. જેટલી વધુ સંસ્થા તેટલા મત ભેદ...

જેટલી વધુ સંસ્થા તેટલા વિશેષ ખટરાગ... જ્ઞાતિજનો પણ જ્ઞાતિ હિત માટે કાર્ય કરતી એક સંસ્થા ઈચ્છે છે તેમ જણાયું. આમ હોય તો આર્થિક ફંડોળની તકલીફ વિના સારી પ્રવૃત્તિઓ થઈ શકે.

અમુક નિશ્ચિત વાતાવરણ, બાહ્ય વાતાવરણથી દૂર રહેવાને કારણે તથા રૂઢિગત વિચારોને કારણે ક્યારેક થોડે અંશે સંકુચિતતા દ્રશ્યમાન થઈ, પણ તેને બાજુ પર રાખીએ તો આ શહેરોમાં જ્ઞાતિહિતની પ્રવૃત્તિઓમાં જ્ઞાતિજનો અને કાર્યકરોનું યોગદાન સવિશેષ જોઈ શકાયાં.

આ તકે જ્યાં પણ એકથી વધારે સંખ્યામાં મંડળોનું અસ્તિત્વ હોય તેને માટે કહેવાનું મન થાય છે કે મજબૂત પાયા પર રચાયેલી એક જ સંસ્થા હોવી જોઈએ. અથવા વધારે સંસ્થાઓ હોય તો કાર્યક્રમનું વ્યવસ્થિત અને નક્કર વિભાજન હોવું આવશ્યક છે. જેમ કે ધાર્મિક ઉત્સવો એક સંસ્થા ઉજવે તો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ બીજું મંડળ કરે. તો વળી તેજસ્વી પ્રતિભાઓના સન્માન, શૈક્ષણિક પારિતોષિક વિતરણનો કાર્યક્રમ બંને સાથે મળી કરે. આમ કરવાથી વ્યક્તિગત અહમ નહીં રહે, દરેકને કાર્ય કરવાની ધગશ રહેશે. જ્ઞાતિ એકતા પ્રગટ કરવા માટે આ આવશ્યક નથી લાગતું?

(આ અંગે જ્ઞાતિજનો પોતાનું મંતવ્ય kkb fb group માં લખી જણાવી શકે છે.)

VIMark

*Maulesh R Pota*
**Cell : 98202 81404**
E-mail :vimarkcon@yahoo.com

## CONSULTANCY ON FOREIGN TRADE POLICY

**Expert in PRC,**
**Scomet,**
**Norms Fixation,**
**Restricted License**

*Vishakha Pota*
**Mob. 9820030733**
E-mail : vimarkplus@hotmail.com

VIMARK plus
VIMARKPLUS

Allied Partner
Licensed Certifying Authoritise
**(n) Code**
Solutions

G.N.F.C.
A Division of GNFC Ltd.

CERTIFICATE DIGITAL

## Digital Signature Certificates

- exim for e-filing under EXIM Policy
- Class II for e-filing under MCA-21
- Class III for e tendaring &
  Regi. for ICE Gate etc.

**OFFICE : 206 'A' Wing, Anjani Complex, Pareira Hill Road W E H Metro Station, Andheri (East), Mumbai - 400 099. Maharastra INDIA**
**BRANCH : Vadodara - 390 020 Gujarat INDIA**

# જોઈએ છે કરકસરવાળી કન્યા

' જોઈએ છે કરકસરવાળી કન્યા, - ઓછા રૂપિયે ઘર ,પરિવારને સંભાળી શકે તેની કરકસરવાળી કન્યા જોઈએ છે.'-ભોગીલાલભાઈ દીકરા માટે માટે ટચુકડી જાહેરખબર આપી આવ્યા.દીકરો બટુક એન્જીનીયર થયો. તેને પાંચ વરસ થયાં.પણ નોકરીનું ઠેકાણું પડ્યું નહોતું. ઓછા ટકા આવ્યા હતા એટલે કોલેજે ગોઠવેલ પ્લેસમેન્ટમાં તો ઠેકાણું પડ્યું નહિ.નાની કંપની કે પેઢી સાવ ઓછા પગારમાં આઠ કલાક કામની વાત કરે એટલે ભાઈસાહેબ હા પાડ્યા વગર પાછા આવે.

આમાં વાંક કોઈનો નહિ.બટુક પંદરથી વધુ સંસ્થામાં વોટ્સએપ એડમીનની સેવા આપે.એટલે મોટાભાગનો સમય એમાં જાય. બે ચાર જન્મ મરણનોંધ અને વીસ પચીસ જન્મ લગ્નની શુભેચ્છા આપવામાં અડધી સવાર વપરાઈ જાય.પાછા ખુબ જવાબદાર એડમીન એટલે ખાતરી ચોકસાઈ તો રાખવી જ પડે. માંડ. નહાવા ધોવાનું પતાવે ત્યાં તો બાબુનો ફોન આવે ,' બટુકભાઈ,બધા આવી ગયા છે.તમારો સ્પેશિયલ માવો પણ ભેગો બનાવી દઉં ? ભેગા ભેગા કેટલા બનાવવા તે પણ ફોનમાં જ કહી દો પછી તમને આખા દિવસની નિરાંત.'

પિતા ભોગીભાઈએ વિચાર કર્યો કે નોકરી વહેલી કે મોડી ને ઓછા વત્તા પગારવાળી મળી તો જ જશે .બટુકની ઉંમરપણ વધતી જાય છે એટલે નોકરી ભેગી છોકરીની તપાસ પણ કરતા રહીએ.એમાંય આવા રત્ન માટે વાર તો લાગવાની છે.અગમચેતીમાં જાહેરાતમાં ' કરકસરવાળી' જ લખ્યુ. બીજે દિવસે છાપું આવ્યું ને પોતે આપેલી જાહેરાત વાંચીને મનમાં ને મનમાં આશાના એવરેસ્ટ ચડવા માંડ્યા .

ઓચિંતાની એમની નજર બાજુમાં આવેલી જાહેરાત પર ગઈ.' 'સ્પધાત્મક પરીક્ષા આપી, સીધા જ કલેક્ટર બનો.' બમ પાડી ' ,બટુક અહીં આવ તો .'-તેમણે બટુકને સ્પર્ધાત્મક પરીક્ષાની જાહેરાત બતાવી. .બટુકે તરત ઉત્તર વાળ્યો.' કઈ વળે નહિ આવી પરીક્ષાથી..મનુભાઈનો મોન્ટુ ચાર વખતથી ચૌદ પરીક્ષા આપી ચુક્યો.કઈ ન વળ્યું .' ભોગીભાઈ એ ઉત્તર વાળ્યો,'પણ શરદભાઈનો સંકેત, આવી પરીક્ષા આપીને નાની ઉંમરે બેન્કનો ઓફિસર બની ગયો.' બટુકે બચાવની ઢાલ વાપરી,' એ તો રોજેરોજ દસ પંદર કલાક રૂમમાં ભરાઈને બેસવું .ટીવી વોટ્સએપ કે મેચ વગર જીવવું એના કરતા બેકાર રહેવું સારું.' ભોગીભાઈ તો તેની વિચારસરણી જોઈને ડઘાઈ જ ગયા..

પાછા છાપાંમાં મોઢું નાખીને કશુંક વાંચવા લાગ્યા.એવામાં બટુક ફરીને પાછો રૂમમાં દાખલ થયો.' એક વાત તમને કહેવાની રહી ગઈ.હું હવે એમ.બી.એ .કરવા માંગુ છું.' ભોગીભાઈ ચોંક્યા,' અરે બેટા સાડા ચાર વર્ષ ઇજનેરી ભણવામાં ને પછી બીજા ત્રણ વર્ષ નોકરી શોધવામાં ગયા.હવે બીજાં ત્રણ વર્ષ ?અને સ્વનિર્ભર કોલેજની ફી પણ કેટલી વધારે હોય છે ?'- બટુક પાસે એનો તાર્કિક જવાબ તૈયાર હતો,અત્યારે દસ હજાર નોકરી કરવી એના કરતાં બીજા માત્ર ત્રણ જ વર્ષ ભણીને મોટું પેકેજ લેવું શું ખોટું? મારો મિત્ર કપિલ એમ.બી.એ. થયોને વર્ષે પાંચ લાખ નું પેકેજ મેળવે છે .'- ભોગીભાઈ પાસે ઉત્તર હતો જ ,કે 'ત્રણ વર્ષે બીજા લાખો એમ.બી.એ ઉમેરાઈ ગયા હશે એટલે એ વખતે કંપનીઓને તો ઓછા વેતનની મોટી ડીગ્રીવાળા મળી રહેશે.અને આ ત્રણ વર્ષ આવકને

બદલે ખર્ચના જશે તેનું નુકસાન કેટલું ?-' પણ ભોગીભાઈએ પ્રગટ ઉત્તર આપવાને બદલે વાતને વળાંક આપ્યો,' અમને તો એમ કે તું ક્યાંક ગોઠવાય તો તારું સારું ઠેકાણું શોધીએ, પણ ઠીક છે. પણ જેવી તારી મરજી.'- અને મનમાં મનમાં સ્વગત બબડ્યા ,' આમેય આજે કરકસર વાળી કન્યા શોધવામાં ત્રણેક વર્ષ તો લાગવાના જ છે. કારણકે મોટાભાગની કન્યાઓ જેટલો યુટ્યુબમાં વાનગી જોવામાં વિતાવે છે એના કરતાં રસોડાંમાં ઓછો સમય વિતાવે છે.અધૂરામાં પૂરું ઝોમેટો અને સ્વિગી સેવાઓએ તો તેમના હાડકાં જ હરામના કરી નાખ્યા છે.'. બબડતાં બબડતાં પેપરના પ્રોપર્ટીના પાના પર તેમનું ધ્યાન ગયું. મકાનની નવી સ્કીમમાં લખ્યું હતું,' માત્ર રૂપિયા 40 લાખમાં 2 BH .' એમને એમ કે છાપવાની ભૂલ હશે અને BHK માં Kitchen નો K ભુલાઈ હશે પણ જાહેરાતમાં આગળ લખ્યું હતું કે રસોડા અને ચોકડીને બદલે બે બાળકની.'

એમેઝોન અને ફ્લિપકાર્ટ વગર તો કન્યાઓને જીવન અધૂરું લાગે.ડિલિવરી ચાર્જ બચાવવા વર્ષ આખા ની ટૂથપેસ્ટ સાથે મંગાવે.ઘરમાં સ્ટોરરૂમ નાનો પડે..વળી ડિસ્કાઉન્ટની લાહ્યમા એટલી બધી ફ્રીઝ આઈટમ આવે કે દૂધ રાખવાની જગ્યા પણ ન બચે.સાંજ પડે મોલમાં ક્રેડિટકાર્ડ લઈને જાય.એક સાથે બે ફ્રી સ્કીમ વાળી બધી વસ્તુઓ લઇ આવે .કન્યાઓએ જ્યારથી સાંભળ્યું છે કે દક્ષીણ એક અભિનેત્રી પાસે એક હજાર સાડી હતી-તે દિવસથી પોતાનો કપડાંથી ઉભરાતો કબાટ નાનો પાડવા માંડ્યો છે.સારું દેખાવું સહુને ગમે અને બહેનોનો જન્મસિદ્ધ હક્ક જ છે પણ 22 % GST વાળા કોસ્મેટિક્સનો ખર્ચ તો બે વર્ષના નહાવા ધોવાના સાબુ કરતાં પણ વધારે હોય.

મોબાઈલ ની રિંગ વાગીને ભોગીભાઈ સફાળા વિચાર માંથી બહાર આવ્યા.' સારું થયું મેં કરકસર વાળી કન્યાની જાહેરાત આપી છે.લાગે છે કોઈ કન્યાના બાપનો જ ફોન હશે.'

દિનેશ લ. માંકડ M. ૯૪૨૭૯૬૦૯૭૯

નામ એનું હોઠ પર ધરવાનું છે,
એ કરાવે એટલું કરવાનું છે.
બસ સમય આવ્યે જરા સરવાનું છે,
ત્યાં સુધી હરવાનું છે, ફરવાનું છે.
રંગ પીળો પાંદડે ધારણ કર્યો,
ઝાડ પરથી છેવટે ખરવાનું છે.
જિંદગીની વ્યાખ્યા આપું તને?
સાવ સામે પાણીએ તરવાનું છે.
એક મોતી આંખથી ટપકી રહ્યું,
સાચવો એને, એ સંઘરવાનું છે.
હારીએ તો હારવાનું ક્યાં કશું?
જીતીએ તો એમને વરવાનું છે.
કૃષ્ણ જેવો સારથિ જો સાંપડે!
ક્યાં કોઈ સંગ્રામથી ડરવાનું છે?

- હિમલ પંડ્યા

પ્રાર્થના

સમસ્ત વિશ્વનું હો કલ્યાણ
હે ઇશ, એવી ભાવના કરો પ્રદાન,
હંમેશા કર્મો થકી ભલાઈ કરું,
હર એક પ્રકારની બુરાઈથી બચું,
હે ઇશ, એવું મુજને દો આતમ જ્ઞાન,
હંમેશા હૈયે દયા અને કરુણા ભાવ ધરું,
સદા સૌની વચ્ચે સ્નેહ વહેંચતો ફરું,
એ ઈશ, કૃપા કરી મુજને એવી દો સાન,
દુઃખ દર્દ બીજાનાં સહજતાથી કળી શકું,
શક્ય હોય તો કષ્ટ કોઈના કમ કરી શકું,
હે ઈશ, દિન દુઃખીના હોઠો પર લાવું મુસ્કાન.

- રાજેશ નાણાવટી જુનાગઢ
મો. ૭૩૫૯૪૦૦૮૨૭

## બરછીને વિદાય વેળાએ મળેલા હૃદય સ્પર્શી ભાવસંદેશાઓ :

પિતાશ્રી શાંતિભાઈ દ્વારા કલમ કડછી બરછીનું પ્રકાશન શરૂ કરવામાં આવ્યું હતું ત્યારે, ઠેરઠેરથી મળેલા શુભેચ્છા સંદેશાઓ તેઓએ 'બરછી'માં પ્રકાશિત કર્યા હતા.. તો કકબની વિદાય વેળાએ અમને અંગતમાં, kkb fb grp દ્વારા અઢળક સંદેશાઓ મળ્યા છે.. દરેક સંદેશાઓ પ્રકાશિત કરવા શક્ય નથી પરંતુ બરછી સાથે જેઓનું વર્ષોથી ભાવનાત્મક જોડાણ રહ્યું છે,જેમાં ખોટી પ્રશંશા નથી.. પરંતુ દરેક સંદેશામાં મુખ્યત્વે તો વિરહ, વેદના, ખાલીપો વ્યક્ત કરતા હૃદય સ્પર્શી ભાવ છે તેવા સંદેશાઓમાંથી પસંદ કરી અત્રે પ્રકાશિત કરી રહ્યા છીએ......

બરછીને વાચકોને ગઝલ કાવ્યોનો લાભ મળ્યો છે તેવા લેખક કવિ અને વિશેષમાં કકબના ૨૫ વર્ષ નિમિત્તે યોજેલી નિબંધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પણ સેવાઓ આપનાર શ્રી પ્રકાશભાઈ હાથીનો સ્મૃતિઓ વાગોળતો ભાવસંદેશ,//કલમ કડછી બરછીના પ્રતિનિધિ તરીકે જેઓએ ૨-૩ દશકા પોતાની નિઃસ્વાર્થ અમૂલ્ય સેવાઓ આપી પ્રકાશનને ગતિમાન રાખવામાં સિંહફાળો આપ્યો છે તેવા હમસફર જેવા બરછીના માનવંતા પ્રતિનિધિ શ્રી નિરૂપમભાઈ તથા શ્રીમતી કિરણબેન અવાશિઆનો સદભાવ પ્રેમભાવ સાથે ખાલીપો વ્યક્ત કરતો સંદેશ,//કકબરછીના ટાઈટલને આકર્ષક કલરફુલ બનાવવામાં સતત પાંચ વર્ષ સુધી આર્થિક સહયોગ આપનાર અને પ્રકાશન ચાલુ રાખવા પણ પોતાના સંપૂર્ણ આર્થિક યોગદાનની તૈયારી બતાવનાર એક અજોડ સૌજન્ય દાતા શ્રી ઉજ્વલ બુચનો આત્મીયભાવ સંદેશ,//સ્વ.મુ. શાંતિભાઈના સમયથી આજ સુધી બરછીના વાચક, ચાહક અને ભાવક એવા કીર્તિદાબેન વસાવડા તરફથી અમારા પ્રત્યે પ્રેમભાવ સાથે વિરહની વેદના વ્યક્ત કરતો સંદેશ અને આવો જ ભાવ વ્યક્ત કરતો, સંકલન અવલોકનને તથા પરિવારના બલિદાનને બિરદાવતો શ્રી યક્ષેન્દ્ર ઓઝાનો હાર્દિક સંદેશ,//શાંતિભાઈને મળેલા નજીકથી ઓળખતા, તે સમયથી બરછીના વાચક અને શુભેચ્છક ઉપરાંત ઉપયોગી માહિતી સભર લેખ, અન્ય સાહિત્યિક લેખક શ્રી દિનેશભાઈ માંકડનો સંદેશ,//બરછી સાથે જોડાયેલી પોતાના ભૂતકાળની સ્મૃતિઓ, પ્રકાશન બંધ થવાના કારણો-તારણો અને જવાબો સાથેનું સચોટ અવલોકન દર્શાવતો શ્રી દર્શનભાઈ વૈષ્ણવનો સંદેશ પ્રકાશિત કરી રહ્યા છીએ.

સંદેશા મોકલનાર અને મનોમન સૌ કોઈની શુભ ભાવના, અમારા પ્રત્યે પ્રેમ-આદર બદલ અહોભાવ.. ઋણ સ્વીકાર -તંત્રી.

અલવિદા... અલવિદા... અલવિદા...કલમ કડછી બરછી.....

We will miss you ... કલમ કડછી બરછી.....

છેલ્લા ૬૧ વર્ષથી આપણી નાગર જ્ઞાતિની અવિરત સેવા કરતું આપણું મુખપત્ર અને મુરબ્બી વડીલ શ્રી શાંતિભાઈનું માનસ સંતાન બરછી હવે આપણી વચ્ચેથી વિદાય લઇ રહ્યું છે ત્યારે, દુઃખ તો અવશ્ય થાય જ, પરંતુ મુ.વ. શાંતિભાઈએ અને ત્યારબાદ શ્રી વિરેનભાઈએ કરેલ આ સેવા યજ્ઞ આપણું કાયમનું સંભારણું બની રહેશે. ખુબજ સાત્વિક અને વૈવિધ્યપૂર્ણ માહિતી સમાચાર પીરસતું આપણું મુખપત્ર હવે તેની ગૌરવ પૂર્ણ યાત્રા સમાપ્ત કરી રહ્યું છે, ત્યારે હું કઈ પણ લખું તે ખરેખર અપૂર્ણ જ હશે. બરછીના મુલ્ય ને /યોગદાનને શબ્દોમાં કંડારવું બહુ જ કઠીન છે. અમારી પેઢી બરછી ને કાયમ યાદ રાખશે અને ગર્વથી કહેશે કે અમે બરછીના વાચક હતા.જેનું સર્જન છે તેની વિદાય પણ અવશ્ય હોય જ, પરંતુ બરછીની આ ૬૧ વર્ષના ગૌરવપૂર્ણ સફરના અમે હમસફર રહ્યાનો આનંદ અને ગર્વ અમોને કાયમ રહેશે. મુ.શાંતિભાઈને સ્મૃતિ વંદના સહ, ભાઈ શ્રી વિરેનભાઈના સુપેરું સંચાલનને લાખ –લાખ સલામ.

બરછીના અંકો મળવાની વાત હોય કે અન્ય કોઈ સમાચાર યા વ્યક્તિ વિશેષ માટે કંઈ પણ લખવાનું હોય શ્રી વિરેનભાઈની કર્મઠ-કાબેલિયત અને નિષ્ઠાને કારણે બરછી આપણા સૌનું લોકપ્રિય બની ઉભરી આવેલ તેમાં કોઈ પણ શંકા નથીજ. દરેક મહિનાના આખર માં બરછીની આતુરતા પૂર્વક રાહ જોવાતી.

આ ટચુકડુ “બરછી” આપણા હૃદયમાં કદાવર સ્થાન જમાવી ને બેઠું હતું.

ભાઈશ્રી વિરેનભાઈ –પરિવાર ને અનેક અનેક શુભેછા સહ.....

અલવિદા....અલવિદા.....અલવિદા......અસ્તુ!

- નિરુપમ અવાશિઆ-વડોદરા.

કલમ કડછી બરછી-વિદાયની વેળાએ...

બરછી ૬૧ વર્ષનું થયું ત્યારે ષષ્ઠી પૂર્તિની ઉજવણી વચ્ચે સૌં નાગર સદગ્રહસ્થોનાં ઘર ઘરમાં વસેલું...બરછી હવે વિદાય લે છે...મિશ્રિત લાગણીઓ સાથે ભાવપૂર્વક તેની કલમ પ્રત્યેની નિષ્ઠાને સલામ કરું છું..૮/ જાગનાથ પ્લોટ લેરખ સ્મૃતિ બરછીનું મુખ્યાલય...સ્વ.મુ.શાંતિભાઈની કર્તવ્ય નિષ્ઠા અને ટેકનોલોજીનાં આવિર્ભાવ પહેલાનો પ્રેસ સ્મરણમાં આવે છે તો સ્વ.મુ.મહેશભાઈની લેખિની ગુજરાતનાં વિવિધ સામયિકોમાં આવતી અને સાથે બરછીમાં પણ પ્રકાશિત થતી તે પણ યાદ કરું જ..અને બાદ માં વિરેનભાઈએ સુકાન સંભાળ્યું...સરળ...સૌમ્ય...સૌના સ્વજન એવા વિ. શાં. ધો. ને રૂબરૂ મળીએ ત્યારે તેમના વ્યક્તિત્વનો આવો સ્પર્શ અનુભવાય અને તેથીજ તો બરછી માં વિધ વિધ માહિતી અનેકવિધ સ્તંભ સ્વરૂપે પ્રકાશિત કરતા રહ્યા... પ્રિન્ટ મીડિયાનાં ઘોડાપૂર વચ્ચે બરછીને નવા રંગ રૂપ આપતા રહ્યા તે કેમ ભુલાય??.

લગભગ લગભગ કહું તો બરછી એ એના અંકો માં કોઈ પ્રત્યે તીરછી નજરે મૂલ્યાંકન કરી ને કોઈ માહિતી પીરસી જ નહિ અને તેમની મૂલ્યનિષ્ઠાને વળગી રહ્યા.

હા, ક્યારેક મીઠી ટકોર..કે ઠપકો મધુ મિશ્રિત કરી ને પણ પીરસ્યો છે...

અને છેલ્લે મારું સૌભાગ્ય કે મને વિશાળ જ્ઞાતિજનો વચ્ચે બરછી નાં માધ્યમ થી અનેક વખત ટાઇટલ પેજ ઉપર પણ કાવ્ય..કે ગઝલ સ્વરૂપે ચમકાવી મને સન્માન પણ આપ્યું તે માટે તેનો ઋણી રહીશ.. અંતરની શુભકામનાઓ સહ....

સુખ્યાત. ગઝલ કાર મરીઝ ને યાદ કરું ને વિરમું છું..

બસ એટલી સમજ પરવર દિગાર દે મને, સુખ જ્યારે જ્યાં મળે બધાના વિચાર દે મને.

-પ્રકાશ દિનકરરાય હાથી- રાજકોટ.

વિરેનભાઈ,

'બરછી' બંધ કરવાનું કેમ સૂઝ્યું? દુઃખ થયું. જો ચાલુ રાખી શકાય તો.....

'બરછી' વગર ગમશે નહીં...જ્ઞાતિના સમાચારો, મુખપૃષ્ઠ પર સુંદર કવિતા, સૂચક છબીઓથી લઈ માહિતીસભર લેખો, જાણવાલાયક માહિતી, દિવાળી વિશેષ અંક, ઝળહળતી પ્રતિભાઓને શુભકામના તો અનંતના યાત્રીઓ માટે પ્રાર્થના - આ બધું અને બીજું ઘણું બધું એકસાથે આંખ સામેથી પસાર થઈ ગયું.

ઘણાં વર્ષો આપે જ્ઞાતિની સેવા કરી એ બદલ આભાર-ઋણસ્વીકાર. - કીર્તિદા વસાવડા. રાજકોટ.

અનેક સંઘર્ષ વચ્ચે પણ મુ. શાંતિભાઈની અવિરત સેવા અને પછી આપે સાચવી રાખેલ પિતૃ તર્પણ અભિનંદનને પાત્ર છે. 61 વર્ષ ની મજલ ઓછી ન કહેવાય. એક તરફ શોધ સંશોધનના સાધન વધ્યા અને નવી પેઢી આપણા જેટલી જ્ઞાતિ અગ્રતા ધરાવતી નથી એટલે સ્વાભાવિક સ્વીકારવું રહ્યું. મોટી મોટી સંસ્થાઓના સામયિકો બંધ થયા છે.મેઘાણીનું મિલાપ, નિરીક્ષક, સફારી વગેરે વગેરે. અફસોસ ન કરતા, કરેલાનો આત્મસંતોષને સ્મરણમાં રાખવો.એક સાચી બરછી ને સ્મરણાંજલિ છે. - દિનેશ લ માંકડ, અમદાવાદ.

...બરછી અને તંત્રીને સલામ ...

છેલ્લા ૬૧ વર્ષથી અવિરત ચાલતું આ માસિક હવે વિરામ લેશે ... દરેકને એની સાથે અનેક પ્રકારની યાદગીરી હશે જ અને તેથી દુઃખ પણ હોય જ , but every beginning has an end ... સતત નાગર જ્ઞાતિને પ્રભુત્વ / મહત્ત્વ આપ્યું છે...મારા ધ્યાન પ્રમાણે સમયસર પ્રકાશન કરવા માટે તંત્રીશ્રીએ ઘણા કૌટુંબિક પ્રસંગો, સામાજિક કાર્યક્રમો, સમયનું પણ બલીદાન આપેલ છે. સચોટ સંકલન ને તટસ્થ અવલોકન તેની ખાસિયત હતી...અથાગ પરિશ્રમ અને સમય સાથે ચાલવાની શીખ આપતું માસિક એટલે 'બરછી '...Long live Barchhi ...

- યક્ષેન્દ્ર ઓઝા, રાજકોટ.

Jai Hatkesh, Virenbhai.

Learnt about the shocking news of Barchhi's publication will continue for only one more year. I wished my grand children will also get to read Barchhi which we loved reading while growing up. I'm sure it must be a tough decision for you as well. In light of this development, this Diwali ank will be the last Diwali visheshank so, pl accept my request to sponsor all pages in 4 colour and let's print it as collector's edition with high quality paper and 4 colour print. Our content is rich already. Kindly consider and allow me to serve the core purpose of Barchhi.

Thank you in advance. Ujjaval Buch - Vadodara

હું સાવ નાનો હતો ત્યારે 'નાગરો નું છાપું ' મજાકમાં કહેતો. નાગરોમાં કઈ અટકો હોય એ બરછીથી મને ખબર પડેલી. જ્ઞાતિના ઘણા સમાચારો, સગાઈ, લગ્ન, મરણ, પ્રમોશન, બદલી અને જૂના વખતમાં તો કોઈ LTC લઈ મદ્રાસ જાય તો એ પણ મૂકતા. સ્વ.રમેશ બુચ નાં કાર્ટૂન છેલ્લાં પેજ પર આવતાં એ યાદ છે.

અમારી એચ.એલ.કોમર્સમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગતો એમાં આવતી જ. મારી, મારાં સંતાનોની કોઈ ને કોઈ સારી સિદ્ધિ ની વાત બરછી દ્વારા બીજાં સગાંઓને ખબર પડતી. મારા તો SSC માં વી.બી. માંકડ પારિતોષિક મળ્યું ત્યારથી બેંકમાં શ્રેષ્ઠ એમ્પ્લોયી એવોર્ડને નિવૃત્તિ સુધીનાં સમાચારો તેમાં આપેલા ને ઓળખીતાઓએ અભિનંદન આપેલાં. તમારા ઘણાના આ રીતે સમાચાર લોકોને મળ્યા હશે. મારા તો લેખો અને કવિતાઓ પણ બરછીમાં પ્રકાશિત થયેલ છે. છેલ્લે સાતેક વર્ષથી દરેક જાતની વાંચન સામગ્રી નાગરો દ્વારા લખાયેલ તેઓ મૂકતા. આખું કલેવર ખૂબ આધુનિક અને રસ પડે એવું બનાવેલ.

પહેલાં મુ. શાંતિભાઈ, પછી વિરેનભાઈ સમયમાં ઘણા નાગરો તો માત્ર સંતાનો ઉંમરલાયક થાય એટલે પાત્ર ગોતવા જ બરછી મંગાવતા. અંકુરભાઈ સંતાનો માટે કન્યા કે છોકરો ગોતવામાં ઓનલાઇન લિંક મૂકતા. મેં એ રીતે ઉપયોગ કર્યો છે. તમારી જેવી જીવનશૈલી અને તમને અનુરૂપ જીવનસાથી શોધવામાં એ સાઈટ ખૂબ ઉપયોગી હતી. હજી એ રીતે સેવાનો હેતુ જાળવી રાખે તો જ્ઞાતિને ઉપયોગી થશે.

હવે કદાચ જમાનો ઘણો બદલાઈ ગયો છે. જ્ઞાતિમાં પોતાની ઉંમરના અને likes સાથે સંબંધ રાખવામાં નવી પેઢીને રસ નથી. જ્ઞાતિ પ્રથાની ભેદ રેખા પણ ટાવર કલ્ચર અને વ્યસ્ત લાઇફસ્ટાઇલ માં ભૂંસાતી જાય છે. નાગર યુવા પેઢીને નાગરો સાથે જ સંબંધો વધારવામાં રસ ઓછો છે. જ્ઞાતિમાં લગ્ન માટે પણ મેરેજ બ્યુરો કે ઓનલાઇન સાઈટ લોકો વધુ વાપરે છે.

કોઈનું અવસાન થાય કે ફેસબુક પર દસ પંદર મિનિટમાં જ જાહેરાત થઈ જાય છે અને નોકરી, પ્રમોશન, સિદ્ધિઓ વગેરે માટે બધાં સોશિયલ મીડિયા ઉપલબ્ધ છે એટલે એની પણ કોઈ નાગર મહિનો રાહ જોતું નથી. પુસ્તક કે મેગેઝીનો નું પ્રકાશન ખૂબ ઓછું થઈ ખૂબ મોંઘું થયું છે એ પણ એક કારણ હોઈ શકે.

ત્રણ પેઢી અને 61 વર્ષ તો હમણાં મેં ફેસબુક સ્ટોરીમાં વાંચ્યાં પણ કદાચ વધુ સમયથી બરછી ચાલે છે. એકાદ વાર બંધ પણ થયું હતું ને ફરી ચાલુ થયેલું. હવેની પેઢી એ સામયિક ચલાવી શકવા સમર્થ ન હોય એમ પણ બને.

પરિવર્તન સંસારનો ક્રમ છે. બને કે ફક્ત ઓનલાઇન બરછી કદાચ ચાલુ થાય કે નવા સ્વરૂપે.

નાગરો, ખાસ તો વડનગરા નાગરો ને જોડી રાખતો એક સેતુ વિલીન થઈ રહ્યો છે.

બરછીએ જે આ છ દસકામાં જ્ઞાતિને આપ્યું છે એ માટે તેનો ખૂબ ખૂબ આભાર.

- દર્શન વૈષ્ણવ, અમદાવાદ.

# લુપ્ત થતા ફેમિલી ડોકટર શા માટે જરૂરી છે...

સમાજ માંથી ફેમિલી ડોકટર શા માટે લુપ્ત થતા જાય છે, તે અંગે વિચારવાની જરૂર છે. ફેમિલી ડોકટર રાખવાના ઘણા ફાયદા છે...

(૧) તે દર્દીઓની આર્થિક સ્થિતિથી વાકેફ હોવાથી ખોટા ખર્ચા કરી ને દર્દીને ચીરતો નથી.

(૨) તે સરળતાથી ઉપલબ્ધ હોવાથી મોટા ડોકટરોની જેમ appointment લેવી નથી પડતી

(૩) પ્રમાણમાં ઘણી વ્યાજબી ફીમાં તમારો રોગ મટી જાય છે.

(૪) તે કટોકટીમાં હોમ વિઝીટ માટે તૈયાર હોય છે

(૫) મોટા ડોકટરો આપણને ૧૫/૨૦ મિનિટ આપે તેઓ પૂરું સાંભળતા પણ નથી

(૬) મોટા ડોકટરો સાથે ફેમિલી ડોકટર જેવી આત્મીયતા,હસી મજાક, તેની સાથે થઈ શકતી નથી.

(૭) ફેમિલી ડોકટર પૈસા બાકી પણ રાખે સગવડે ચૂકવી શકો.

(૮) તે આખાય પરિવારની તાસીર, પ્રકૃતિ, કોને શેની એલર્જી છે, શું માફક નથી આવતું વગેરેથી વિદિત હોય છે

(૯) તે પરિવારનો પ્રતિષ્ઠિત સભ્ય હોવાથી તબીબી સિવાય ઘરેલુ પ્રશ્નોમાં સાચો સલાહકાર બને છે, તેના બે શબ્દની અસર પડે છે.

(૧૦) આજે તબીબી જગતમાં એવો ભોરિંગ ભ્રષ્ટાચાર પેઠો છે કે પૈસા ખર્ચતા પણ સાચી સલાહ મળતી નથી.

(૧૧) જનરલ પ્રેક્ટિસનર એ ઘણા બધા કેસો જોયા હોય છે તેથી તેના બહોળા અનુભવને કારણે સાચા નિદાનથી અસાધારણ બિમારીઓ પણ સામાન્ય દવાથી તે પણ ઓછા ખર્ચે મટી જાય છે.

(૧૨) મોટા ડોકટરો પરેજી કાઇ પાળવી ,શું ખાવું શું ના ખાવું, તેવી સલાહ કદીય નથી આપતા.

(૧૩) લિપિડ પ્રોફાઈલ,બ્લડ સુગર, થાઈરોઈડ વગેરે ટેસ્ટમાં ૧૦ થી ૧૨ કલાક ખાલી પેટ જોઈએ વગેરે જેવી સલાહ સુચના ફેમિલી ડોકટર આપે, પણ નિષ્ણાતો નથી કહેતા.

(૧૪) માથાના વાળથી માંડી પગના નખ સુધી ના નિષ્ણાતો હવે બજારમાં ઉપલબ્ધ છે ભોળા દર્દીઓને આ ખબર નથી હોતી. દર્દીઓને યુરોલોજિસ્ટ, નેફ્રોલોજિસ્ટ, ન્યુરો ફિઝીશિયન,ન્યૂરોસર્જન વગેરે જેવી ખબર હોતી નથી. આ બધું માર્ગદર્શન ફેમિલી ડોક્ટર જ આપી શકે. કેટલાક દર્દીઓ આજની તારીખે ફેમિલી ડોક્ટરના ચીંધેલા માર્ગે જાય જ છે.

(૧૫) ફેમિલી ડોક્ટર દર્દીઓનો ખભો પકડી ને વિપત્તિઓ માં હમદર્દ બની શકે નિષ્ણાતોની નજર ફકત દર્દીઓના ખિસ્સા ઉપર જ હોય છે

(૧૬) આજના નિષ્ણાતો તબીબી જ્ઞાનનો ઉપયોગ ઓછો અને લેબ રિપોર્ટ ઉપર વધુ ધ્યાન દે છે; નિદાન સાચું થાય પરંતુ અભિગમ વ્યવસાયલક્ષી વધુ હોય છે તે પણ નિ:શંક છે.

ઉપરોક્ત અને આ સિવાય પણ ઘણા કારણોને ધ્યાનમાં લઈને સમાજમાં આ ભુલાયેલા પાત્રને ફરી જીવંત કરવાની જરૂર નથી લાગતી?

ડૉ. રાજેન્દ્ર કે. હાથી, વડોદરા.

# એક નવી સવાર

રોજ સાંજે નૂતન ઓફિસેથી ઘેર આવે અને પોતાની માને નિરાશ મૂંઝાયેલી જોઈને પોતે મૂંઝાઈ જાય અને માને પૂછે, 'મા, તને શું તકલીફ છે? આમ કેમ મૂંઝાયેલી દેખાય છે? હું રોજ આવું ત્યારે તને કેમ આવી દશામાં જોઉં છું? તું કેમ તારી તબિયત ડોક્ટરને બતાવવાની ના પાડે છે. રોજની આ સ્થિતિ જોઈ એક દિવસ નૂતને કહી દીધું, 'જો મા, આવતીકાલે મારે રજા છે. તારી તબિયત બતાવવા ડોક્ટર પાસે જવું જ છે. તારી ના નહીં ચાલે, ત્યારે રજની બેને કહ્યું, 'દીકરા ચિંતા ન કર, મારે ડોક્ટરને તબિયત બતાવવા નથી જ જવું. નૂતન નિરાશ થઈને બેસી રહ્યો.

રજનીબેન દીકરાનો વલોપાત સમજતાં હતાં તે પણ એક મા હતાં. જે સમજતાં હતાં કે દીકરો આખા દિવસની નોકરીમાંથી થાક્યો પાક્યો ઘેરે આવે ત્યારે પોતે ગમે તેમ કરીને ખુશ ખુશાલ- આનંદિત રહેવું જોઈએ પરંતુ લાખ પ્રયત્નો છતાં પણ મહા પ્રયત્ને પણ નૂતન સાંજે ઘેર આવે ત્યારે આવી રીતે રહી શકતાં ન હતાં.

હકીકતમાં રજનીબેન ની આવી સ્થિતિનું કારણ એ હતું કે... નૂતન નોકરીએ જાય પછી વહુ રેખા પોતાની સાસુ રજનીબેન સાથે નાની નાની વાતમાં ઝઘડા કરતી અને ઘણું દુઃખ પહોંચાડતી હતી. રજનીબેન તેને શાંત રહેવા સમજાવે, પોતે બની શકે તેટલાં કામમાં મદદ કરવા તૈયાર થાય, પરંતુ તેનું પરિણામ કંઈ જ ન આવે અને નૂતન ને દુઃખ ન પહોંચે, તેની અને રેખા વચ્ચે મનભેદ મતભેદ ન થાય અને ઘરનું વાતાવરણ સારું રહે તે અર્થે રજનીબેન દીકરાને આખા દિવસની આવી કોઈ વાત ન કરે કે રેખા વહુ સામે ફરિયાદ ન કરે. પોતે વિશાદ છુપાવવા લાખ પ્રયત્ન કરે પરંતુ બીજી બાજુએથી છુપાવી ન શકે અને મનોમન પોતે આ દુઃખ સહન કરે! પરંતુ આજે તો રજનીબેન મક્કમ હતાં!!..

નૂતન નોકરીએ ગયો ત્યારબાદ રજની બેને પ્રેમથી સદ્ પ્રયાસ રુપે વહુ રેખાને પોતાની પાસે બેસાડી અને વાતચીત શરૂ કરી.. જુઓ રેખા વહુ, તમે  તમારાં માતા પિતાને છોડીને અહીં સાસરે આવ્યાં છો, તરછોડીને નહીં અને લગ્ન પછી આ તો એક સામાજિક કૌટુંબિક પ્રથા છે, વ્યવસ્થા છે. છતાં તમે તમારા ઘેર બધા સાથે મોબાઈલ ઉપર વાતો કરો છો, સંપર્કમાં રહી, હાલચાલ પૂછી તમારો પ્રેમ દર્શાવો છો. કોઈને કોઈ તકલીફ નથી ને એવું પૂછો છો ને?

રજનીબેન જરા અટક્યાં અને ફરી આગળ ચલાવ્યું, 'તો તમે નૂતન રોજ સાંજે થાકી પાકી ને ઘરે આવે અને મા તરીકે મને નિરાશ જુએ તેમાં તમને કંઈ ફાયદો છે? શું તમે તેમાં રાજી થાઓ છો? એવી સ્થિતિમાં એ તમારી સાથે પણ આનંદથી હળીમળી શકતો નથી, વાતો કરી શકતો નથી જે તમે પણ અનુભવતાં હશો! હું તમને કંઈ નડતી નથી કે જોહુકમી કરતી નથી. તમને મારા પ્રત્યે માત્ર એક સાસુ હોવાને કારણે નફરત અને નકારાત્મક વૃત્તિ છે.. તેથી જુઓ મને આજે એક વાત કહેવા મજબૂર ન કરશો કે મને ૧૫૦૦૦/- વિધવા પેન્શન મળે છે, ઉપરાંત થોડી વ્યાજની આવક પણ છે, તો હું બીજે ક્યાંક ઓરડી ભાડે રાખીને જઈ શકું તેમ છું. પરંતુ તમે તમારા માતા-પિતાને પ્રેમ કરો છો તેટલો જ પ્રેમ દીકરો તેની માતાને કરે છે ત્યારે શું હું બીજે રહેવા જાઉં એ માટે નૂતન તૈયાર થશે? આ વાત તે સહન કરી શકશે? આ માટે શાંતિથી, પ્રેમથી અને પ્રસન્નતાથી સાથે રહી શકીએ..રહીએ, તમારે માટે અને ભવિષ્યમાં તમારા સંતાનોને સારા સંસ્કાર મળે તે માટે પણ આ અંગે વિચારો.

રેખા સાસુ ની વાત સાંભળી રહી અને તે દિવસે તો વાતાવરણમાં કોઈ ખાસ ફેર ન પડ્યો, પરંતુ રાત્રે તે ઊંઘી શકી નહીં.. આખી રાત સાસુના વેણ તેને ક્ષણે ક્ષણે જાગૃત કરતાં રહ્યાં મનોમંથન કરાવતાં રહ્યાં. બીજે

દિવસે એક નવી જ સવાર એના માનસપટ પર ઊગી... નૂતન નોકરીએ ગયો તે સાથે જ રેખાએ સજળ નયને સાસુ રજનીબેનની માફી માંગતાં હવે સુમેળથી આનંદથી સાથે રહેવાના કોલ આપ્યા.. ખુશખુશાલ રજનીબેને રેખાને આશીર્વાદ આપ્યા.

સાંજે નૂતન ઓફિસેથી ઘેર આવ્યો ત્યારે માના પ્રસન્ન ચહેરા સાથે જુદું જ તેજ નિહાળી, ઉછળી પડ્યો. માના ખોળામાં માથું રાખી હર્ષના અશ્રુ ઉભરાવી રહ્યો. એ બોલી ઊઠ્યો મા, આ સમી સાંજે મારા માટે તો એક નવી જ સવાર ઉગી છે.. ત્યારે રજનીબેને પણ ટહુકો કર્યો, જા ઓરડામાં જા. રેખા ક્યારની તારી રાહ જોઈ રહી છે. નૂતન અંદર ગયો, રેખાને પણ ખુશ જોઈને તેને આલીંગનમાં લઈ લીધી.

અને આમ હવે દરેક સાંજે નવી જ સવાર ઉગતી રહી!

જસ્મીન દેસાઈ 'દર્પણ' રાજકોટ.

---

# ઉત્તમ માનવી

અંગ્રેજી લેખક ન્યુમેને સજ્જનની વ્યાખ્યા આપી છે, તે દરેક માટે પ્રેરણા રૂપ છે. યુરોપ અમેરિકામાં જેને આચારસંહિતા તરીકે સ્વીકારાય છે. જાપાનમાં તમામ વિભાગોમાં તેની સુંદર રીતે છબી બનાવી મૂકવામાં આવી છે. તેનાથી માલિકો કર્મચારીઓના સંબંધો ઉપર ખૂબ સુંદર અસર થઈ. આપણે પણ દરેક પરિવારમાં, સંસ્થામાં તેને મઢાવીને રાખીએ. તેમાં વર્ણવેલ સજ્જન બનવાનો થોડો પણ પ્રયાસ માનવી માનવી વિશે સુંદર સંવાદિતા ખીલવવામાં સહાય રૂપ થશે. આ રહ્યા  અવિસ્મરણીય શબ્દો...

સજ્જન કે ઉમદા સ્વભાવનો માનવી કદીએ કોઈને જરા પણ દુઃખ થાય તેવું કરે નહીં કે બોલે નહીં. પોતાની આસપાસના લોકો મુક્ત પણે મૂંઝવણ અનુભવ્યા સિવાય કામ કરી શકે. તેમના કાર્યમાં આવતી મુશ્કેલીઓને સતત દૂર કરવામાં જ તે પરોવાયેલો રહે છે. તે કશાની પોતે પહેલ નથી કરતો, પરંતુ અન્યની પ્રવૃત્તિઓને સરળ કરતો રહે છે.

સજ્જન કે ઉમદા માનવી તેની સાથે કાર્ય કરનાર કોઈના મનમાં સહેજ પણ ઝાટકો લાગે કે તેમના મત સાથે ટકરાવ થાય, કોઈની લાગણીને ધક્કો પહોંચે, કોઈનામાં શંકા કરતો નથી. પ્રત્યેક વ્યક્તિ ખુશનુમા વાતાવરણમાં પોતાનું કામ શાંતિથી કરે તે જોવાની તેને સતત ચિંતા હોય છે. તે કદી વિચાર્યા વગર સૂચન કરતો નથી અને અન્યને ગુસ્સો ચડે તેવા મુદ્દાનો ઉલ્લેખ સરખા કરતો નથી. વાતચીતમાં તે અગ્રસ્થાને રહેતો નથી. છૂટકો ન હોય તે સિવાય કદી પોતાના વિશે અંગત કંઈ કહેતો નથી. વળતો પ્રહાર કરીને કદી પોતાનો બચાવ કરતો નથી. કોઈની કુથલી કરવા કે ગપ્પા મારવામાં તે સામેલ થતો નથી કે કજીયો કંકાસ કરવા જેવા નિમ્ન સ્તર પર તે કદી ઉતરી જતો નથી. કશાનો ગેરફાયદો ઉઠાવતો નથી. કટુવચન ને બદલે તર્કબદ્ધ રીતે પોતાની વાત સમજાવે છે. તેનામાં એટલી બધી પરિપક્વતા હોય છે કે, પોતાના અપમાનનો પણ તે તોછડાઈ પૂર્વક જવાબ વાળતો નથી. કોઈએ તેને પહોંચાડેલ માનસિક આઘાતને યાદ કરવા તેની પાસે સમય હોતો નથી. કોઈના પ્રત્યે મનમાં વેર રાખવા બાબતના તે સાવ આળસુ હોય છે. તેના જીવનની ફિલસુફી એવી રહી છે કે, સર્વ પરિસ્થિતિને શાંતિથી આધીન થવું, ધીરજવાન અને સહનશીલ બનવું.

(ગુજરાતી ભાવાનુવાદ પી. એમ. વૈષ્ણવ) કકબ ફેબ્રુઆરી ૨૦૦૩)

## કકબના નિઃસ્વાર્થ માનવંતા પ્રતિનિધિઓનો આભાર–ઋણસ્વીકાર

કલમ કડછી બરછીને પોતીકું સમજી ગામેગામના પ્રતિનિધિઓએ પોતાનો કિંમતી સમય ફાળવી વર્ષોવર્ષ લવાજમો મેળવવા,સમાચારો મોકલવા જેવી ઘણી સંન્નિષ્ઠ સેવાઓ આપી પ્રકાશનને ગતિમાન રાખવામાં સિંહફાળો આપ્યો છે.બરછીના મુખ્ય આધારસ્તંભ એવા આ નિઃસ્વાર્થ સમર્પિત સેવકોને કારણે જ કકબ ૬૧ વર્ષની મજલ કાપી શક્યું છે.જેની ખુશી સાથે દરેક માનવંતા પ્રતિનિધિઓને નામોલ્લેખ સાથે ઋણસ્વીકાર સહ હાર્દિક આભાર માનીએ છીએ.અગાઉના અંકોમાંથી જેટલાં નામો મળ્યાં,યાદ આવતાં ગયાં તેમ નોંધ કરી પ્રકાશિત કરી રહયા છીએ છતાં રહી ગયાં હોય તો ક્ષમ્ય ગણશો.

હવે નિખાલસ વાત : કોરોના પછી આ પ્રતિનિધિઓનો સધિયારો ગુમાવ્યો તેની અસર જોઈ શકયા..વિજ્ઞાપન–શુભેચ્છક દાતાઓ તરફથી મળેલી રાશીનો ઉપયોગ કરી અગાઉના સભ્યોને કુરિઅર દ્વારા નિઃશુલ્ક અંક મોકલ્યા,ઓનલાઈન લવાજમ સ્વીકારવાની વ્યવસ્થા– સુવિધા આપી આમ છેલ્લાં ચાર વર્ષ સંન્નિષ્ઠ પ્રયાસો છતાં 'બ્રેકઈવન પૉઈંટ'થી દૂર જતા ગયા સાથે આર્થિક બોજ વધતાં અંતે પ્રકાશન બંધ કરવાનો જ્ઞાતિજનો અને અમારે મન પણ અણગમતો નિર્ણય લેવો પડયો છે. જ્ઞાતિ સમાજમાં આવેલાં આમૂલ પરિવર્તન, સમય સમયનું કામ કરે છે તે પણ સ્વીકારવું રહયું.ઘણા જ્ઞાતિજનોનું સૂચન મળ્યું કે ઓનલાઈન અંક ચાલુ રાખો..જે વિચારણીય છે.વનમેન આર્મી–'પ્રિન્ટર ટુ એડિટર'.થોડા માનસિક શારિરીક આરામ બાદ નિર્ણય લઈ જાણ કરીશું.– વિ.શાં.ધો.તંત્રી

**અમદાવાદ**
શ્રી મુક્તિભાઈ દેસાઈ
શ્રી નીરૂભાઈ ઝાલા
શ્રી કલાપી વૈષ્ણવ
શ્રી યશેષ રાણા
શ્રી સી. એલ. અંતાણી
શ્રી ભાલચંદ્રભાઈ દેસાઈ
શ્રી ઉમેશભાઈ અંતાણી
શ્રી નરેશ રાજા
શ્રી પરેશ જે. અવાશિયા

**વડોદરા**
શ્રીમતી કિરણબેન એન. અવશીયા
શ્રી પરાગ અવિનાશભાઈ સ્વાદિયા
શ્રી પ્રતીક અશોકભાઈ અંજારિયા
શ્રી ઋષિભાઈ દેસાઈ
શ્રી હેમંતભાઈ નાણાવટી
શ્રી નરેશ ડી. મહેતા
શ્રી સમીર ધોળકિયા
શ્રી એ. ટી. ધોળકિયા
શ્રીમતી રશ્મિબેન બક્ષી

**રાજકોટ**
શ્રી કૌશિકભાઇ પોટા
શ્રી મધુકરભાઈ વૈષ્ણવ
શ્રી ભરતભાઈ મહેતા
શ્રી સતીશ મહેતા
શ્રી મુકેશભાઈ દેસાઈ
શ્રી નીલમ પી. વસાવડા
**શ્રી ચેતન છાયા**
શ્રી રાજુ પોટા
શ્રી હિતેશભાઈ ધોળકિયા
શ્રી પ્રવીણ વસાવડા
શ્રી કે. ડી. વસાવડા
શ્રી ઉત્કલ વૈષ્ણવ
રિખવ પિનાકીનભાઈ મહેતા
શ્રી કે. એચ. રીંડાણી

**જામનગર**
શ્રી ગુણવંતભાઈ ઝાલા
શ્રી સંજય સ્વાદીયા
શ્રી યોગેશ એ. પોટા
શ્રી પ્રવીણભાઈ બુચ
શ્રી જનકભાઈ માંકડ
શ્રી રાજેન્દ્ર ડી. ઓઝા
શ્રી યોગેશ બુચ–**શ્રી ભાસ્કરભાઈ સ્વાદિયા**

**જુનાગઢ**
શ્રી નીરજભાઈ વૈષ્ણવ
શ્રી વિમલભાઈ વોરા
શ્રી દિવ્યાંગભાઈ વૈષ્ણવ
શ્રી મયુરભાઈ દેસાઈ
શ્રી મધુભાઈ વસાવડા
શ્રી સંજીવ મહેતા
શ્રી હરેશ મજમુદાર

**ગાંધીનગર**
શ્રી તારક અમરીશભાઈ ઓઝા
શ્રી હિમાંશુભાઈ વોરા
**શ્રી દર્પણ બુચ – શ્રી જયંતભાઈ બુચ**
**શ્રી તરંગ હાથી–શ્રી પ્રહર અંજારિયા**

**મુંબઈ**
શ્રીમતી વિશાખાબેન પોટા
શ્રી નલીનભાઈ વછરાજાની
શ્રી જે. એમ. બુચ
શ્રીમતી યામીનિબેન ઝાલા
શ્રીમતી મનિષાબેન અંજારિયા
શ્રીમતી વંદનાબેન માંકડ

**ભાવનગર**
શ્રી પ્રશાંતભાઈ વોરા
શ્રી હરેશભાઈ વ્હોરા
શ્રીમતી અર્ચનાબેન રીંડાણી
શ્રી રસેન્દુભાઈ દેસાઈ વલ્લભવિદ્યાનગર
શ્રી ભાવિન બક્ષી આદિપુર
શ્રીમતી દિપાલી જે. વોરા બેંગલોર
શ્રી હિમાંશુ હાથી ગોંડલ
શ્રી શૈલેષ વસાવડા ગાંધીધામ - કચ્છ
શ્રી ગિરીશભાઈ ત્રિવેદી ઇન્દોર
શ્રી રજનીભાઈ બુચ જામખંભાળિયા
**શ્રી ઘનશ્યામભાઈ રીંડાણી**
શ્રી હરેન્દ્રભાઈ અંતાણી ભુજ
શ્રી નરેશ અંતાણી ભુજ
શ્રી લક્ષ્મીકાંત એચ. બુચ ધુવારણ
શ્રી હેમાંગ માંકડ માંગરોળ
શ્રી વિસ્મયભાઈ દેસાઈ મહુવા
શ્રી પ્રવીણભાઈ એચ. દેસાઈ મહુવા
શ્રી પી. એચ. ધોળકિયા નવસારી
શ્રી સુરેશ છાયા અંજાર- કચ્છ
શ્રી આર. બી. ઓઝા પોરબંદર
શ્રી પ્રદીપ વૈષ્ણવ સુરેન્દ્રનગર
શ્રીમતી વૃંદાબેન વછરાજાની સુરત
શ્રી વાય. જે. ઓઝા સિક્કા
કુ. શ્રદ્ધા બી. બુચ આણંદ
શ્રી રોહિતભાઈ હાથી આણંદ
શ્રી કે. એસ. વસાવડા અમરેલી

# ABM TRAVELS

ખૂબ ખૂબ આભારી છે
કલમ કડછી બરછીના
જેમની સાથે અવિરત ૨૫ વર્ષનો પ્રવાસ કર્યો પ્રગતિના પંથે.

Discover your choice of destination in 2025,
we will make customized tour plan as per your requirement with choice of selected hotels/ resorts, top conditioned AC vehicles with courteous drivers and lots of sightseeing for your comfortable and stress free holidays.

Shimla /Manali /Dalhousie /Dharamshala Amritsar /VaishnoDevi
Ladakh /kashmir /Nainital /Corbet/ Mussoorie /Darjeeling Gangtok/ Ooty /Coorg
Kodaikanal kerala/ Lakshadweep/ Andaman/ Guwahati/ Shilong /Kaziranga
Rajasthan/ MP /Goa south India /
Nepal/ Dubai /Singapor/ Thailand /Malaysia/ Bali /
Maldives/ Mauritius/ Vietnam/
Religious places and many more.

**Avinash Mehta - 9820817318**
abmtravels@gmail.com

મજમુદાર પરિવાર આપની સ્વાદની સેવામા...
માણો ગુજરાતી ભોજનનો સ્વાદ
હિંજેવાડી, પૂનામાં.

**Makkhan Mystery**

ગુજરાતી, ચાઈનીઝ, પંજાબી સ્વાદની રંગત
પોચા ને કડબડા ફાફડા સાથે મીઠ્ઠી જલેબી,
વણેલા ગાંઠિયા,ખમણ-ઢોકળાં ને
સહુની પ્રિય ગુજરાતી થાળી કે પછી
ટેંગી ચાઈનીઝને બીજું ઘણું બધું......
પધારો અમારે આંગણે -

**Makkhan Mystery**

Shop No. 14 B,
ShreeNath Krupa Food Mall,
Hinjewadi Phase 2, Pune
Timings : 9 AM – 1 PM | 6 PM – 11 PM
Call to Order: 9689426849

**નારાયણબલી તથા માતૃશ્રાદ્ધ માટે**
**નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર**
**સુધીરભાઈ ચંદ્રશંકર શુક્લ**
**ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,**
**સિદ્ધપુર(પાટણ)**
**ફોન : ૦૨૭૬૭–૨૨૧૯૩૫**
**મો. ૯૮૨૪૩૧૧૬૦૯/૯૪૨૮૫૫૩૧૨૬**

HARSHAL ANJARIA
9409017854
cticare2025@gmail.com

cti
॥ प्रयत्नः फ़लवतम्ः ॥

**CHANDANI TRADE INCORPORATION**

**ONLINE SERVICES**

Service Offered:

- Insurance
- Loans
- CSC (Aadhar/PAN card Editing)
- Exam Forms Filling
- Income Tax Return Filing
- RMC E-Governance Certificates
- Grievance/Complaint Filing
- GUJ/Eng. Typing
- Online Bill Payment
- Digital Meetings/Conference
- Event Planning
- PF Withrowals


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.

હાસ્ય કટાક્ષ

## પત્ની કહે તેમ જ કરવા ના ફાયદાઓ :

પત્નીને વશ હોય તેવા પુરુષને આપણો સમાજ નાહક વોગોવે છે. હકીકતમાં આવો પુરુષ જ ધાર્મિક છે. કારણ કે મોટા મોટા સંતો પણ અહંકાર અને મમત્વ ને ત્યજી શકતા નથી, જ્યારે પત્નીવશ પુરુષ અથવા પતિરાજ સત્તાનાં બધાં સુત્રો પત્નીને સોંપીને પોતે નિર્મમો નિરંહકાર બની જઈને ગીતા ગાયક શ્રીકૃષ્ણને અનુસરે છે. બાય ધ વે કૃષ્ણ પણ સ્ત્રીને તો અનુસરે જ છે- રાધેકૃષ્ણ!

આવો પુરુષ જ સાચા અર્થમાં સ્વતંત્ર છે. કારણ કે મા બાપની સેવા કે ભાંડરૂઓ પ્રત્યેની લાગણીના વળગણથી એ મુક્ત થઈ જાય છે. એ સ્થિત પ્રજ્ઞ થઈને બધું સાક્ષીભાવે જોયા કરે છે. વલ્લભભાઈએ જેમ રાજાઓના રાજ છીનવી લઈને તેમને રાજપાટથી મુક્ત કરી દીધા, એમ આપણી પ્રાણવલ્લભીઓ પણ સંસારની 'ખટપટ' થી આપણને વિમુક્ત કરી દે છે. પતિ રાજની વ્યાખ્યાનો સમાસ પણ બદલીને 'પતિ ઉપર કોઈ રાજ કરે તે પતિરાજ' એમ કહીએ તો શું ખોટું છે? ગૃહની રાણી ઇંગ્લેન્ડની મર્યાદિત સત્તા વાળી રાણી કરતાં પણ ચઢી જાય છે.

સમાજ પત્ની વર્ષ પુરુષને 'વહુઘેલો' કહીને વગોવે છે પરંતુ કોઈકની પાછળ કોઈ ઘેલો થાય એમાં ખોટું શું છે? વાસ્તવમાં બધા જ મહાન પુરુષો 'ઘેલા' થયા પછી જ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે.

મને યાદ છે કે જ્યારે દ્વિભાષી મુંબઈ રાજ્ય થયું અને પછી ગુજરાત સરકાર થઈ તે વખતે સામૂહિક સ્થળાંતર કરતી વખતે સરકારે પણ 'husband follows wife'નો સિદ્ધાંત અપનાવ્યો હતો!

હા, શ્રીકૃષ્ણ જે કહે તે કરો... કરે તે નહીં, એમ પત્ની પણ શું કરે છે તે તરફ આંખ મીંચામણાં કરો અને પત્ની કહે તેમ કરવું. તણાવ પત્નીને સોંપીને આપણે શવાસન જેવી હળવાશ અનુભવવી. પત્ની કહે તેમ કરવાના ફાયદા એટલા છે કે એવા થવા જોઈએ કાયદા! (જો કાયદા ઘડનારની પત્ની એમ કહે તો!)

પ્રા. કિશોર બી માંકડ અમદાવાદ (કકબ નવે.–૧૯૯૩)

**જીવન**

**સુખોને ઝીલવાની કળા નું નામ છે જીવન,**
**દુઃખોને ભૂલવાની કળાનું નામ છે જીવન,**
**વીતેલી પળને બાજુ પર મૂકી જીવી જજો મિત્રો!**
**તમારાં દર્દને સંતાડવાનું નામ છે જીવન.**
**ઉમ્મીદોની હથેળીમાં હશે રેખા સફળતાની**
**તમારાં સપનોને શણગારવાનું નામ છે જીવન,**
**સફર શ્વાસોની છે લાંબી, સમય પણ પૂરતો મળશે,**
**જરા થોભી અને વિચારવાનું નામ છે જીવન.**

**હિમલ પંડ્યા, 'પાર્થ' રાજકોટ. (કકબ નવે.–૧૯૯૩)**

અવળવાણી

'પ્રિય ! હું તારા દરેક દુઃખમાં તારી પડખે ઊભો રહીશ.'
'પણ મારે તો એકેય દુઃખ નથી.'
'હમણાં નહીં લગ્ન પછીની વાત કરું છું!'

*હે ઈશ્વર આ વિશ્વમાં મારા અને તારા સિવાય બધા મુરત છે જોકે મને ક્યારેક તારા માટે પણ શંકા થાય છે!

*યાદશક્તિ વધારવાનું પુસ્તક વાંચીને ૧૫ દિવસમાં પાછો આપવાનું એમને કહ્યું હતું પરંતુ કોની પાસેથી લીધું હતું તે યાદ આવતું નથી!

* સાદી શરદી જલ્દીથી મટાડવાનો કોઈ ઝટપટ ઉપાય નથી. એનો ઉપચાર કરો તો સાત દિવસમાં અને ઉપચાર ન કરો તો અઠવાડિયામાં મટી જશે!

*શીલા : રૂપા આ હાર કેટલામાં પડ્યો?
રૂપા : ખાસ વધારે નહીં એક દિવસનું રુદન બે દિવસના ઉપવાસ અને ત્રણ દિવસના અબોલામાં!

*તમારે સફળ રાજકારણી થવું હોય તો તમને સરળતાથી મુદ્દાઓ ગુંચવી નાખતાં આવડવું જોઈએ.

*આખી રાત જાગીને એમણે ભાષણ તૈયાર કર્યું હતું. જે સાંભળતાં સાંભળતાં શ્રોતાઓએ ઊંઘવા માંડ્યું!

હાસ્ય લેખ (કકબ ઓક્ટોબર નવેમ્બર -૧૯૯૮)

# અદ્રશ્ય થતા ડામચિયા

પ્રકૃતિના વિકાસ સાથે જેમ જેમ ડાયનોસોર જેવાં મહાકાય પ્રાણીઓ અદ્રશ્ય થયાં તેમ માનવીની નવી સભ્યતા વિકસતાં ડામચિયા જેવી ઘણી વસ્તુઓ પણ આપણા સંસારમાંથી નામશેષ થઈ છે. 'જોકે નામશેષ થઈ છે' એમ કહેવું પણ બરાબર નથી, કેમ કે ભાષામાંથી તેનું નામ પણ ભૂંસાઈ ગયું છે.

પંદરેક વર્ષના કિશોરને તમે ડામચિયા વિશે પૂછો તો તે મૂંઝાઈ જવાનો. એવા બીજા ઝટ યાદ આવે તેવા નાગરી શબ્દો છે.. મસોતું, નવેણિયુ, ઉનામણિયુ, કંટીવાળો એકઢાળિયુ.

પ્રથમ ડામચિયા શબ્દને આથી સમજાવવો પડશે. ગાદલાં, ગોદડાં, ઓશીકાં, ચાદર પાછળના એક રૂમને ખૂણે ખડક્યા હોય તે ખડકલાને કહેવાય ડામચિયો. એ બહુ સુઘડ ગોઠવેલો ન હોય. અસ્તવ્યસ્તતા એનો પ્રાણ છે, બહોળા કુટુંબના સભ્યો સવારમાં જુદા જુદા સમયે પોતાની પથારીના વીંટા જ્યાં ખડકે અથવા તો ગૃહિણી એ બધી જ પડી રહેલી પથારીને અનુકૂળ સમયે એકત્ર કરે તે ડામચિયો.

ઉપર જે સામગ્રીનો ઉલ્લેખ કર્યો તે તો માત્ર નમૂના રૂપ; બાકી ડામચિયામાં શું હોય તે વિશે ખાતરીથી કોઈ ન કહી શકે! એમાં શણિયાના ગાદલાં હોય, કોથળા હોય, આસનિયા હોય, જુનાં ફાટેલાં કપડાં પણ એની ભીતર ભંડારેલા હોય; અરે નકામી છત્રીઓ અને થેલા થેલીઓ પણ નીચે ધરબાઈને પડ્યા હોય! જાણે હરપ્પાની દટાયેલી સંસ્કૃતિ!

આ ડામચિયા લાકડાની મજબૂત ઘોડી પર ખડકાતા, જૂની પેટીઓ તથા લોખંડની બેગોના પાયા પર પણ ખડા થતા અને સીધે સીધા ગાદલા ગોદડાની થપ્પી રૂપે પણ ઊભા થતા.

ઘણી જગ્યાએ તો ડામચિયા અલાયદી ઓરડીમાં રહેતા. એમાં પૂજાનો એક ખૂણો હોય, બીજા છેડે અથાણાની બરણીનો ઘોડો ઉભો હોય, ને ત્યાં બાજુમાં ગૌરવભેર ખડકાયો હોય ડામચિયો! બાળકોની ખેલકૂદનું એક કેન્દ્ર. બપોરે મોટેરાં ઝંપી ગયા હોય ત્યારે ડામચિયા પર છોકરાં ધીંગામસ્તી કરતાં હોય, સંતાકૂકડીની રમતમાં સંતાવાનું આદર્શ સ્થાન ડામચિયો. ગરવા ગિરનારની ગુફામાં જેમ સાધુ અને ડાકુ ગરક થઈ જાય એમ જ છોકરાં ડામચિયામાં અદ્રશ્ય થઈ જાય. નિશાળે ન જવું હોય તેવાં બાળકને આશરો આપે ડામચિયો !

ડામચિયા પરથી ભૂસકા મારવાની તોલે સ્વિમિંગ પૂલના જમ્પિંગ બોર્ડ પર થી પડતું મેલવાની મજા પણ ઝાંખી પડે! ડામચિયાના જમાનામાં યોગા ને કરાટે ને કવાયત જેવાં તૂત ન હતાં. ડામચિયો સાહસ અને તોફાન મસ્તીનો સાથી હતો.

તે યુગમાં માણસો ખુલ્લા હતા. નિખાલસ હતા, જેવા હતા તેવા પ્રગટ થવાની હિંમતવાળા હતા. આજના મકાનો અને ફ્લેટ્સમાં કન્સિલ્ડ વાયરની સાથે આપણે ગાદલાં ગોદડાંને પણ છુપાવતા થયા છીએ. ઓશીકાં ગોદડાને કબાટ પાછળ ગાયબ કર્યાં અને ગાદલાં વિકેન્દ્રિત કરી દીવાને દીવાને પાથરી દીધાં !

ડામચિયો તૂટવાથી આપણે અને ખાસ તો આપણાં બાળકો કેવા રાંક થયાં છે, કૃત્રિમ બન્યાં છે, તેનો આપણને અહેસાસ નથી. આપણા બાળકોએ થનગનાટ અને થીરકાટ ગુમાવ્યો છે. બાળકોનાં તોફાનો વધ્યાં હોય અને આતંકવાદ વકર્યો હોય તો તેનું મૂળ કારણ ડામચિયાના લોપમાં રહેલું છે!

'ડામચિયો' શબ્દ લુપ્ત થતાં ગુજરાતી ભાષા પણ રાંક બની છે.

કેવો અદભુત શબ્દ હતો-ડામચિયો! એના ધ્વનિઓ જ એનું રૂપ અને કદરૂપ વ્યક્ત કરી દેતા ! એનો એક બીજો વ્યંગ્યાર્થ પણ છે. વેર વિખેર અને અસ્તવ્યસ્ત... એવું કંઈ પણ હોય તેને સચોટ રીતે વ્યક્ત કરવાની ક્ષમતા 'ડામચિયો' શબ્દમાં છે.

'આ ડામચિયો ઉપાડો અહીંથી'

આપણી નાગરી સંસ્કારીતાને ફરીથી વિજયવંત બનાવવી હશે, તો ડામચિયાને પુનઃસ્થાપનના કામમાં લાગી જવું પડશે. ઘેર ઘેર ઉભો કરો દોસ્તો, ડામચિયો

-શ્રી મહેશ ધોળકિયા રાજકોટ.

# નિવૃત્તિમાં પ્રવૃત્તિ

આપણે નાગર ઉચ્ચ કોમ. સામાન્ય રીતે સરકારી કે ખાનગી નોકરી કરીને આપણો જીવન નિર્વાહ ચલાવીએ છીએ. સરકારી નોકરીમાંથી નિવૃત્તિ લઈએ એટલે ઘણા પૂછે છે કે હવે ટાઈમ નહીં જાય કાં? શું કરશો? શું કરવું? તે સવાલ રહે! પણ ના, એવું નથી નિવૃત્તિ પછી પ્રવૃત્ત રહેવું એ સ્વાસ્થ્ય માટે પણ સારું છે. પ્રવૃત્તિ શું કરવી એ સવાલ થાય. પ્રવૃત્ત રહેવા માટે કંઈક શોખ હોવો જરૂરી છે. શોખ ન હોય તો કેળવવો જોઈએ.

હું રિટાયર થયો ત્યારે મને જુના વિચારો ઘેરી વળતા હતા, એટલે મેં વિચાર્યું કે વિચાર કરવા કરતાં લખું એટલે શરૂઆત કરી લખવાની. મેં Memorable incidents of my life થી લખવાની શરૂઆત કરી અને મારા જન્મના સાતમા વર્ષથી જે કંઈ પણ બન્યું હતું તે યાદ આવતું જાય તેમ લખવું શરૂ કર્યું... લખાતું રહ્યું. સમય ક્યાં પસાર થઈ જતો હતો તે ખબર ન પડી. પ્રવૃત્તિની પ્રવૃત્તિ અને સ્વાસ્થ્યની રક્ષા. અત્યાર સુધીમાં આ લેખનથી ચારેક ડાયરીઓ ભરાઈ અને પછી તો તેને લીધે બીજું સાહિત્યનું વાંચન અને વિચારોથી બુદ્ધિ કસાતી રહી અને બીજા લેખો (આર્ટિકલ્સ) લખવા શરૂ કર્યા. તેમાં પણ જ્ઞાતિ સામયિક 'કલમ કડછી બરછી' એ અમારા જેવા નવોદિત લેખકોને અમારા લેખો છાપી અમને પ્રોત્સાહન આપી ઉપકૃત કર્યા. આવા પ્રોત્સાહનથી અખંડ આનંદ, અરસ પરસ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા અને ગુજરાતના દૈનિકોમાં લેખો તથા અંગ્રેજી કવિતાઓ વગેરે પ્રકાશિત થયા. જે આજ દિન ૯૦ વર્ષની વય સુધી ચાલ્યું. હવે ઉંમરનો બાધ નડે છે.



ટૂંકમાં કહું તો આ એક શોખ, પ્રવૃત્તિ, બુદ્ધિના વિકાસનો શ્રેય કલમ કડછી બરછી શરૂ કરનાર શાંતિભાઈને જાય છે. કલમ કડછી બરછી આપણી ઓળખના સાધનો. શાંતિભાઈની શિક્ષણ સેવા અને સંરક્ષણની આ જ્યોત વિરેનભાઈએ જલતી રાખીને આ માધ્યમ દ્વારા ખૂણેખૂણાના સમાચાર જ્ઞાતિજનો સુધી પહોંચતા કરી જ્ઞાતિજનોને એક સૂત્રે બાંધી રાખવાનું ઉત્તમ કાર્ય કર્યું છે. તે હવે વિરામ લેશે પણ જેવા સંજોગો અને સમય. જેનું સર્જન છે તેનું વિસર્જન છે જ. ગથે કહે છે કે we must renew rejuvenate ourselves otherwise we harden. એ હવે અન્ય સાહિત્યમાંથી મેળવવું પડશે.

શ્રી શાંતિભાઈ પરિવારને હાર્દિક શુભેચ્છાઓ હાટકેશ દાદા તેઓ સૌને લાંબુ તંદુરસ્ત આયુષ્ય બક્ષે તેવી પ્રાર્થના.

- પિનાકીન સૂર્યશંકર શુક્લ, રાજકોટ.

## સુખી જીવન જીવવાની જડીબુટ્ટીઓ:

૧.નકામું છોડો ૨. ચાલતા રહો ૩. મિત્રોને મળતા રહો ૪. શાંત રહો ૫. સમય આપો. ૬. તમારા વિશે બીજા શું વિચારે છે એ જોવાનો ધંધો તમારો નથી ૭. પાણી પીવો બે ત્રણ લીટર ૮.પૂરતી ઊંઘ લો આઠ કલાક ૯. ધ્યાન કરો ૪૫ મિનિટ ૧૦. પુસ્તકો વાંચો ૧૧. હસો હસાવતા રહો ૧૨. ગપ્પા ન મારો ૧૩. ભૂતકાળને ભૂલો ૧૪. રમતો રમવાનું ચાલુ રાખો. ૧૫. જાગો ઉઠો આજનો દિવસ ફરી આવશે નહીં ગઈકાલ કરતાં આજનો દિવસ વિશેષ છે માટે માણો.

સંકલન : ડાકોર ભાઈ ત્રિવેદી-રાજકોટ.

# રિટાયર્ડ

વૈશાલીબેનનો ઑફિસનો આજે છેલ્લો દિવસ હતો..એટલે કે આજે એમના રિટાયર્ડ થવાની ખુશીમાં પાર્ટી હતી. વૈશાલીબેન ખૂબ ખુશ હતાં...પાર્ટી પતાવી સ્ટાફથી અંતિમ વિદાય લઈને પોતાની કારમાં રવાના થયાં... કારમાં બેસતાં જ અભિનવના ફોટાને જોઈને મનોમન બોલ્યાં...

' અભિનવ તારા ગયા પછી આપણા નાનકડા આલોક અને મારી જિંદગીને ફરી એક દિશા આપવા ખેડેલી જંગ આજે પુરી થઈ છે... હવે તો આપણો આલોક પણ અસલ તારી જેવો જ દેખાય છે... , આલોકને ઘેર પણ નાના-નાના બે બાળકો... અદિતિ અને અર્ચિત...કાશ , અગર તું હાજર હોત તો બાળકો તારી સાથે મસ્તીમાં તારી આસપાસ જ વીંટળાયેલા રહેત...

ખેર...,સંઘર્ષ સાથે શરૂ થયેલી જિંદગીથી ઘણું શીખવા મળ્યું...., પણ...હવે તો આરામ જ આરામ....સંપૂર્ણ આરામ.. માનસિક રૂપે પણ શાંતિ...

ઘેર પહોંચતાં જ ડ્રોઈંગરૂમમાં વાત કરી રહેલ આલોકના શબ્દો કાનમાં પડ્યા..' અરે.. શું વાત છે શાલિની ? તને નોકરી મળી ગઈ..?

એકદમ પરફેક્ટ ટાઈમ !!આજે મમ્મી રિટાયર્ડ થઈને ઘેર આવશે..., અને તારી બધી જ ચિંતા દૂર. સૌથી મોટી ચિંતા તો બાળકોની..., એ તો એમ પણ દાદીના લાડલા છે...ઘર અને બાળકો , ....મમ્મી તો સ્ટ્રોંગ છે...બંને સંભાળી લેશે.

વૈશાલીબેનના પગ બે ઘડી થંભી ગયા... ' હજુ તો કારમાં બેસતી વખતે જ હાશકારો અનુભવ્યો હતો.....એક નિરાંતનો શ્વાસ લીધો હતો. પરંતુ જવાબદારી ક્યાં પીછો છોડે છે..? ઈચ્છાઓનું પોટલું એક જ પળમાં સ્વાહા થઈ ગયું ... '

અંદર પ્રવેશતાં જ વૈશાલીબેન બોલી ઉઠયા ' કેમ ભાઈ ચહેરા પર આટલી ખુશી શેની ...? '

'અરે , મમ્મી તું પહેલા શાંતિથી બેસ , હું પણ હજુ આવ્યો જ છું... આલોક મમ્મીની બાજુમાં બેસતાં બોલ્યો 'આજે તારે માટે ડબલ ખુશીનો દિવસ છે. એક તો તારા રિટાયરમેન્ટની ખુશી અને બીજું કે શાલિનીને નોકરી મળી ગઈ છે. કંપની પણ સારી છે અને ઓફીસ નજીકમાં જ છે. મેં...તો કહી દીધું , હવે બાળકો અને ઘર બધુ સચવાય જશે. તું તારે આરામથી નોકરી કર... મમ્મી છે પછી શું ચિંતા છે... કેમ , ખરુંને મમ્મી ? એમ પણ સવારે મારો ને એનો ટાઇમિંગ એક જેવો જ છે તો સાથે જ નીકળી જઈશું...'

' હમમમ , શાલિની આ તો ખરેખર ખુશીની વાત છે. તો.. તો તારે મીઠું મોઢું કરવું જ પડે હો.., મારા રિટાયર્ડ થયાની ખુશીમાં મિઠાઈનું બોક્સ આવ્યું છે.. લ્યો બધા મોઢું મીઠું કરો..'

ઘરમાં શાલિનીને નોકરી મળી ગયાનો શૉર વૈશાલીબેનના કાનમાં ગુંજી રહ્યો હતો... કાલથી ફરી એક નવી નોકરીનો કોલલેટર આવી ગયો હતો..

ખેર..., બાળકોને સાચવવાનું પણ મારી ફરજમાં તો આવે જ...આ તો મારી નોકરી ચાલતી હતી એટલે ઘરની જવાબદારી એટલી હતી નહિ, બાકી હવે એ પણ કરી લેશું...'

બીજા દિવસે રોજની આદત પ્રમાણે વૈશાલીબેન વહેલા જ ઉઠી ગયાં .. આજે ચા નો સ્વાદ વધારે મીઠો લાગતો હતો..

રોજ તો નોકરી જવાની જંજાળમાં ફટાફટ બધું કામ પતાવી નીકળી જવું પડતુ હતું.

થોડીવાર થઈ ત્યાં બાળકોના ચહેકવાની અવાજો આવવા લાગી... સ્કૂલ જવા તૈયાર થવા લાગ્યા... ,

વૈશાલી પોતે ઉભી થઈને અંદર ગઈ અને શાલિનીને કહેતાં બોલી ' તારે બીજું કોઈ કામ પતાવવું હોય તો પતાવી દે... બાળકો તો મારી આગળ તૈયાર થઈ જશે...'

' ના...ના...મમ્મી , એવી કોઈ ઉતાવળ નથી .બધું થઈ જશે... તમે આવી સરસ મજાની સુંદર સવારનો આનંદ લો.'

વૈશાલીબેન ' ઠીક છે કહી , ફરી પોતાની જાત સાથે વ્યસ્ત થઈ ગયાં... પોતાનુ ન્હાવા ધોવાનું પતાવી ચા, નાસ્તા માટે રસોડામાં ગયાં.. ત્યાં શાલિનીએ અવાજ દીધો. ' મમ્મી તમારો ચા ,નાસ્તો અહીં બહાર જ છે .. આવી જાવ...'

વૈશાલીબેન બહારના રૂમમાં આવ્યા.. જોયું તો શાલિની હજુ ઘરના કપડામાં જ હતી ... ' વૈશાલીબેન બોલ્યા આ, શુ તારે તૈયાર નથી થવાનું...?

' હું તૈયાર જ છું... પહેલાં તમે ચા નાસ્તાનો આનંદ લો..'

વૈશાલીબેન ફરી બોલ્યા ' તું આ જ કપડામાં ઓફીસ જઈશ ? એ પણ પહેલા દિવસે...? '

' અરે મમ્મી ઑફિસને મારો ગોળી..., 'મેં પુરી રાત વિચાર્યું ... વિચારતાં મને એટલું જરૂર લાગ્યું કે , સાચા અર્થમાં જોવા જાઉં તો મારે નોકરીની જરૂર જ નથી . તમારી આટલા વર્ષોની મહેનત ઘરના એક એક ખૂણે ઝળહળે છે. તમે અમને ઘણું કમાઈને આપ્યું છે. આલોકની આવક પણ સારી છે... પછી ખાલી શોખ ખાતર નોકરી શા માટે કરવી...? હા , જરૂર હોયતો ઘર અને બહાર બે છેડા ભેગા કરીને જરૂર કરત.. , અને હા , તમે તો ખાસ અનુભવી છો.. ઘરના બે છેડાને ભેગા કરતા આપણા ઘણા શોખ અને ઈચ્છાઓને સ્વાહા કરવા પડે છે.. વ્યર્થ ભાગાદોડી કરવી એના કરતાં સાચા અર્થમાં જેને નોકરીની જરૂર છે એને મળી જાય એ વધારે સારું ને ? શુ કહેવું છે...તમારું...?

એકધારી બોલી રહેલ શાલિનીને વૈશાલીબેન ધ્યાનથી સાંભળી રહ્યાં હતાં...

શાલિની ચપટી વગાડતા બોલી ' અરે મમ્મી ક્યાં ખોવાય ગયાં...? અરે..હા.. આજે સવારે જમવાનું થોડું હળવું જ રાખશું હો...સાંજે તમારા દીકરાએ તમારા રિટાયર્ડ થયાની ખુશીમાં શાનદાર પાર્ટી રાખી છે...'

વૈશાલીબેન પોતાના રૂમમાં આવી પતિ મહોદયના ફોટા સામે બેસી ગયાં. ચહેરા પર ફરી પાછુ શાંતિનું પરમસુખ છવાય ગયું હતું.. ગઈકાલ રાતે આંખોમાં નીંદરની જગ્યાએ ઘણા સવાલો હતા.. કેમ કરીશ ? ફરી બધું સંભાળી શકીશ કે નહીં ?

પરંતુ સવારના એ જ આંખો અને ચહેરા પર એક તેજ સાથે વિરામચિહ્ન ઝળકી રહ્યો હતો.

' જીવનમાં કદાચ તમારી સાથે રહેવાનું સુખ તો ન સાંપડ્યું... પણ આજે હું ધન્ય છું... કે દીકરા-વહુનો સુંદર અને સમજદાર પરિવાર મારી જિંદગીનો હિસ્સો છે...

" कभी किसी को मुकम्मल जहाँ नही मिलता, कहीं ज़मीन तो कहीं आसमान नहीं मिलता "

અસ્તુ...

- મનિષા હાથી- ભાવનગર.

# એક નાગર દંપતીનો જીવન મંત્ર : સુરીલો કંઠ સુરીલુ જીવન...

અમદાવાદ નિવાસી રાસ બિહારીભાઈ દેસાઈ અને તેમનાં પત્ની વિભાબેન આમ તો નાગર જ્ઞાતિમાં તેમની સંગીત સાધનાને લીધે જાણીતાં છે, પણ આ દંપતીના સુરીલા સ્વર સાથે જીવનને પણ સંગીતમય બનાવવાની અનોખી સિદ્ધિ બહુ જાણીતી નથી.

રાસબિહારીભાઈ ગાયક હોવા ઉપરાંત ગીતોના રચનાર પણ છે. તેમની ઘણી વિશેષતાઓ માની એક એ છે કે પોતાની જાતને પણ પોતાથી જુદી પાડી દે છે. 'હું આમ માનું છું' તેમ કહીને વાત કરે. પોતાની જાતને આગળ નહીં કરી દેવાની ટેવના કારણે ગુજરાતના સાંસ્કૃતિક ક્ષેત્રથી તે થોડા દૂર રહ્યા હોય તેવું લાગ્યા વગર રહે નહીં. પોતે ફક્ત સંગીત કલાના શોખીન જીવ છે, અને તે સ્તરે જ રહેવા માંગે છે. ધંધાદારી અગર વેપારી ધોરણે તે કલાકાર થયા નથી અને થવા માંગતા પણ નથી તેમણે અનેકને તાલીમ આપી ગાયન વિદ્યાના, સુગમ સંગીતના નિષ્ણાત બનાવ્યા છે.

રાસભાઈ સંગીત વિદ્યા તરફ પૂજ્ય ભાવની દ્રષ્ટિ રાખે છે, તે સાથે પદાર્થ વિજ્ઞાનના શિક્ષક તરીકે વૈજ્ઞાનિક દ્રષ્ટિ પણ ધરાવે છે. એમના કહેવા પ્રમાણે સંગીત એ ફક્ત કંઠમાંથી અગર તો હાથ અથવા કોઈ વાજિંત્રમાંથી ઊઠતો અવાજ નથી. મુખ્યત્વે આ અવાજ હૃદયમાંથી ઉદ્ભવે છે, જે શરીરના અવયવો મારફત બહાર આવે છે અને સખત રિયાઝના પરિણામે કેળવાય છે. તેઓ કહે છે કે, પોતે જીવનભર સંગીતના વિદ્યાર્થી જ રહ્યા છે.

તેમનું કહેવું છે કે, સંગીત ભાવનાની ભાષા છે, હૃદયની ભાષા છે. તેઓ કહે છે કે, જે જ્યારે તે ગાય છે ત્યારે, આ ગાનાર હું નથી પણ કોઈ અજ્ઞાત દૈવી તત્વ ગાનાર હોય છે. જ્યારે તે અને તેમનાં પત્ની વિભાબેન જાહેરમાં કાર્યક્રમ આપે છે ત્યારે કાર્યક્રમની શરૂઆત આ દૈવી તત્વને પ્રાર્થના કરીને કરવામાં આવે છે.

તેમણે સંગીતની સોબત નાનપણમાં જ કરી હતી, પણ વિભાબેન સાથે લગ્ન થયા પછી આ માર્ગે મોટો વળાંક લીધો. વિભાબેન પોતે ઉચ્ચ કક્ષાના સંગીતકાર છે અને તેમના સાથમાં રાસભાઈની સંગીત કલા ખૂબ વિકાસ પામી. આમ તો વિભાબેન આસિસ્ટન્ટ ઇન્કમટેક્સ કમિશ્નર છે, પણ તે કામ માંથી મુક્ત થતાંવેંત તે સંગીતની દુનિયામાં સરકી પડે છે.

રાસભાઈએ ૧૯૬૧માં 'શ્રુતિ' નામની સંગીત સંસ્થા ઊભી કરી અને તેમાં શરૂઆતમાં ૨૨ સભ્યો હતા. અઠવાડિયા માં બે દિવસ ત્રણ ત્રણ કલાક સંગીત સભા ચાલતી. આજે ફાસ્ટ લાઇફના જમાનામાં સભ્યોને ખાસ કાર્યક્રમ સિવાય ભેગા કરવાનું મુશ્કેલ બને છે.

રાસભાઈ ૧૯૮૦માં 'કાશીનો દીકરો' નામની ગુજરાતી ફિલ્મમાં 'મારી આંખે કંકુના સૂરજ' ગીત ગાયું હતું. જે બદલ ઉત્તમ કોટીના ગાયક તરીકેનું પારિતોષિક મેળવ્યું હતું. આ દંપતી સસ્તી કે મોંઘી, બધી જાતની પ્રસિધ્ધિઓથી હંમેશા દૂર રહ્યાં છે.

રાસભાઈ હંમેશા નિયમિત પ્રાણાયામ અને યોગની ક્રિયાઓ કરે છે. સંગીત એ શુદ્ધિકરણનું મહાન સાધન છે, તેવું તેમના અનુભવે સિદ્ધ કરી રહ્યા છે. નિજાનંદ માટે જ સંગીતને તેઓ વળગી રહ્યા છે. હાલમાં જોવામાં આવતી ટોચ ઉપર પહોંચી જવાની સંગીત ક્ષેત્રે જે હરીફાઈ જામી છે તેનાથી તે દૂર રહ્યા છે. આ દંપતીનો જીવન મંત્ર છે : સુરીલો કંઠ, સુરીલુ જીવન.

લેખક : દેવીપ્રસાદ મ. સ્વાદિયા, રાજકોટ.(કકબ મે–૧૯૯૫)

# શું આપણા રસોડા બંધ થશે?

સંયુક્ત કુટુંબો વિચ્છેદ, સ્વતંત્ર વ્યક્તિત્વનો આગ્રહ, આનંદ પ્રમોદના વિપુલ સાધનોની મોર જાવ, પૈસાની રેલમછેલ, જીવનની અગ્રતામાં મૂળભૂત પરિવર્તન સાદાઈ અને કરકસર જેવા સદુપયોગી જીવન મૂલ્યોના રકાસ વગેરેએ અને સ્વકેન્દ્રીય, ભોગપ્રધાન, વૈભવ વિલાસ પ્રિય નવી જીવન શૈલીએ સૌથી વધુ નુકસાન આપણા કૌટુંબિક જીવનને કર્યું છે.

બાળકો પ્રત્યેની માતા પિતાની ઉદાસીનતા, ત્યાગ વૃત્તિનો અભાવ, કેવળ બાળકોને પૈસાની લ્હાણી, જે માંગે તે આપી દેવામાં જ મા બાપ માતૃપ્રેમની પ્રતીતિ અનુભવે છે અને જીવનની ધન્યતા માણે છે. બાળકોને સંસ્કાર આપવાની, ધર્મ પરાયણ કરવાની, ઘરને સ્વર્ગ બનાવવાની આકાંક્ષા હવે ગૃહિણીમાં ભાગ્યે જ દેખાય છે, પરંતુ હવે માતા પોતાની નોકરી એમાંથી ઉત્પન્ન થતી આવકથી ઉડાવ અને વધુ ને વધુ સ્વકેન્દ્રીય થતી જાય છે. આપણું માતૃત્વ ઝંખવાયું છે. અને આના પરિણામે સંતાનો વિલાસી, વ્યસની અને સ્વકેન્દ્રિય થતા જાય છે. મા બાપો સંતાનો પ્રત્યેની ફરજો માં ચૂકે તો એ સંતાનો પાસેથી વૃદ્ધાવસ્થામાં સંતાનો તેઓની સાર સંભાળ રાખે એવી અપેક્ષા કેવી રીતે રાખી શકે? પરિણામે આપણી ભારતીય સંસ્કૃતિને લાંછન રૂપ વૃદ્ધાશ્રમોની સ્થાપના અને સંવર્ધન થતાં જોવામાં આવે છે.

બાળ ઉછેર પ્રત્યેની ઉદાસીનતા પછી હવે ગૃહિણીઓ -જોકે આ ગૃહિણી શબ્દ પ્રયોગ હવે ઉચિત નથી કારણ કે 'ગૃહ ઉચ્ચતે ગૃહિણી' જેમ હવે બહેનો નથી ઘર સાચવતી કે નથી કુટુંબીજનોની પ્રવૃત્તિ નિર્દેશક પ્રેમપાત્ર કે પ્રેરણા સ્ત્રોત બનતી. હવે ગૃહિણીની આજુબાજુ કુટુંબીજનો ઉપગ્રહો બની ફરતા રહે એ ભવ્ય ભૂતકાળ બની ગયો છે, કારણ કે હવે એ સર્વે કુટુંબીજનોની સુખ, શાંતિ, સમૃદ્ધિને પોતાના જીવનનું સર્વસ્વ ગણતી નથી.

આટલું ઓછું હોય તેમ એક સમયે 'રસોડાની રાણી' નું બિરુદ પામનાર ગૃહિણીને હવે રાંધવાનું ભારણ લાગે છે. રસોઈમાં પ્રવીણતા એ બહેનોની ચરમ સિદ્ધિ ગણવામાં આવતી. સ્વાદિષ્ટ પરિપક્વ અને પૌષ્ટિક રસોઈ એવી તો બનતી કે રસોડા પાસેથી પસાર થનાર વ્યક્તિને એની સોડમ પ્રસન્ન કરી દેતી. સવારના નાહી ધોઈ સ્વચ્છ અને પવિત્ર થઈ એ રસોડામાં પ્રવેશ કરતી. રસોઈ કરતાં કરતાં પણ એ શુદ્ધ ઉચ્ચારો અને મધુર કંઠે સ્તોત્રો બોલતી, ગીતો ગાતી અને એના સંસારને અને ઘરને આનંદ ઉત્સાહ અને ઉલ્લાસથી ભરી દેતી. મીઠાશભરી રસોઈ બનાવતી, એટલું જ નહીં પરંતુ બનાવેલી સામગ્રીઓ પ્રેમ અને ભાવપૂર્વક પીરસતી. ભોજન સમયનું વાતાવરણ શાંતિમય પ્રસન્નતા સભર રાખવું અને ભોજન આરોગનારની રુચિ પ્રમાણે પીરસવું એ પણ એટલું જ મહત્વનું એ સમજતી. સંતાનો માટે નીત નવીન નાસ્તાની વ્યવસ્થા કરવાની જવાબદારી એ આનંદથી હસ્તે મુખે સ્વીકારી લેતી અને સંતાનો એ પ્રેમથી આરોગતા. ખાવામાં પણ સંતાનોને શિસ્તના પાઠ પઢાવતી. ભોજન, નાસ્તો જે બન્યો હોય તે પ્રભુનો પ્રસાદ માની બધાએ ખાવાનો જ, એવો આગ્રહ રાખતી.

આજે કેટલી બહેનો સવારના નહીં ધોઈ સ્વચ્છ થઈ રસોડામાં જતી હશે? આજે તો બધું પરવારીને જ છેવટે નાહવાનો કાર્યક્રમ મોટેભાગે પ્રચલિત થયો છે. સવારના ગૃહિણીને રસોડાનું ભારે ટેન્શન હોય છે, કારણ કે ખાવામાં શિસ્તતાનો અભાવ હોવાથી પતિને ઘણી વસ્તુ ન ભાવે સંતાનોને અલગ વસ્તુ ન ભાવે પરિણામે ગૃહિણીએ બે ત્રણ શાક વગેરે ઘણી વખત કરવાં પડે છે. બાકી રહ્યું હોય તેમ બહારની હોટલોના આકર્ષણો, પંજાબી, ચાઈનીઝ વગેરે વાનગીઓ પાછળના ગાંડપણને લીધે પણ રસોડા રવિવારે સાંજે નિશ્ચિત રૂપે જ અને બાકીના દિવસોમાં મોટે ભાગે બંધ રહે છે. વળી જન્મદિવસ, લગ્નદિન વગેરે પ્રસંગોએ હોટલમાં ભોજન લેવું જોઈએ એવી દ્રઢ માન્યતા ઘણા કુટુંબોમાં જોર પકડતી જાય છે.બહારનો નાસ્તો, બ્રેડ વગેરે આપણી દયાપાત્ર ગૃહિણીને આશ્વાસનરૂપ બની જાય છે. વિચાર આવે છે શું આપણા રસોડા બંધ થઈ જશે?

શ્રી નિપૂણ પંડ્યા, સુરત.(કકબ મે–૧૯૯૮)

# સુપ્રસિદ્ધ વ્યક્તિઓની અપ્રસિદ્ધ વાતો

(ગાંધીજી સાથે 'હિંદ છોડો' ચળવળના સાથીદાર અને તે સમયના પત્રકાર એવા સ્વ. કપિલપ્રસાદભાઈ દવેએ બરછીના વાચકોને આ કોલમ દ્વારા તે સમયની, આપણા પૂર્વજોની ઘણી યાદો સાઝા કરાવી હતી. સૌને માહિતગાર કરવા અને જ્ઞાતિનો ઈતિહાસ જાણવા આ કોલમ અંતર્ગતનો લેખ પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ- તંત્રી)

સ્વ. છગનલાલ પંડ્યા નડિયાદના વડનગર વિભાગના. વતન નડિયાદ, છતાં અભ્યાસ કરેલો મુંબઈની એલ્ફિસ્ટન અને બી.એ. ઓનર્સ ની પરીક્ષામાં ઉચ્ચ સ્થાન મેળવી અનેક ઇનામો પ્રાપ્ત કર્યાં ઇતિહાસ અને અર્થશાસ્ત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી, મુંબઈ યુનિવર્સિટી તરફથી જ નહીં ઇંગ્લેન્ડની કોલ્ડન તરફથી પણ મેડલ તથા અનેક ઇનામો સાથે તેમની પ્રતિભાને કારણે એલ્ફિસ્ટન કોલેજમાં ઓનરરી ફેલો તરીકે નિમાયા.

સાથીદારો પણ નાગર સાક્ષરો :

કોલેજમાં તેમના સહાધ્યાયીઓમાં હતા પ્રોફેસર નરસિંહ ભોળાનાથ દિવેટિયા, દિવાનબહાદુર કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, મણિલાલ નભુભાઈ ત્રિવેદી તથા સ્વ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી. બધા જ ગુજરાતના જ નહીં બલ્કે તે સમયના મુંબઈ ઇલાકાના સુપ્રસિદ્ધ સાક્ષરો.

પરીક્ષાઓ કેવી હતી?

તે સમય બી.એ. પાસ થવું એ રમતની વાત ન હતી. પરીક્ષા મુંબઈ યુનિવર્સિટી તરફથી લેવાતી, અને પરિણામ ૨૫ થી ૩૦ ટકા વચ્ચે. જ્યારે આજે અપાય છે, ૭૦-૮૦ અને ૯૦ ટકા સુધી!

કેળવણી તરીકે સુંદર ખ્યાતિ પ્રાપ્ત કરી તે દરમિયાન ભાવનગરના માજી દિવાન સ્વ. પ્રભાશંકર પટણી વડોદરાના માજી દિવાન સ્વ. કૃષ્ણલાલ ઝવેરી જેવાઓને પણ શિક્ષણ આપવાનું માન મેળવેલું.

૧૮૮૫માં મુંબઈમાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તરીકે નિમાયા. ત્યાંથી બ્રિટિશ સરકારે તેમની નોકરી સંસ્થાન જૂનાગઢને ઉછીની આપી. પ્રમાણિકતા, વિદ્વતા અને એકનિષ્ઠાના ગુણોએ જૂનાગઢના એક પછી એક શિખરો સર કર્યાં. રાજ્યના અનેક ખાતાઓના કામ તેમને સોંપાતા ગયાં અને રાજ્યના એક્ટિંગ દિવાન તરીકેના સ્થાન સુધી જઈ પહોંચ્યા. તે સમયે જૂનાગઢના નવાબ હતા સર રસુલખાનજી. વિશ્વાસ સંપાદન થતાં નવાબે પોતે ઇંગ્લેન્ડના પ્રવાસે જતાં રાજ્યના કારોબાર માટે તેમને દિવાન તરીકેનું સ્થાન સંભાળવા જણાવ્યું, પરંતુ પોતે તેનો અસ્વીકાર કરતાં નિષ્ઠાપૂર્વક ધ્યાન આપવાની ખાત્રી આપી.

આજના યુગમાં ખુરશી મેળવવા અનેક કૌભાંડો રચાતાં આપણે જોઈ રહ્યા છીએ ત્યારે આ એક એવો જમાનો હતો, જ્યારે ખુરશીનો ભાગ્યે જ મોહ દેખાતો અને તેનું જ્વલંત ઉદાહરણ પૂરું પાડ્યું સ્વ. શ્રી છગનલાલભાઈએ દિવાનપદ ન અસ્વીકાર કરીને!

૧૯૧૦માં જુનાગઢ નરેશ નું અવસાન થતાં જુનાગઢના બ્રિટિશ એડમિનિસ્ટ્રેશનની સ્થાપના થઈ. તેમની કીર્તિથી અંજાઈને બ્રિટિશ એડમિનિસ્ટ્રેટિવ એ તેમને પોતાના સાથમાં લઈ રાજ્યમાંના અનેક ખાતાઓના કારોબારની જવાબદારી સોંપી. જેમાં શિક્ષણ ક્ષેત્રે સારી એવી પ્રતિષ્ઠા સંપાદન કરી.

૧૯૨૦માં જૂનાગઢની ગાદી પર જ્યારે નવાબ તરીકે મહોબતખાનજી આરુઢ થયા ત્યારે તેમણે કદર કરીને સ્વ. શ્રી છગનલાલભાઈને કાઠીયાવાડના એજન્ટ ટુ ધી ગવર્નર પાસે પોતાના પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી. જે સ્થાન તેમણે ચાર વર્ષ સુધી સંભાળતા કાયદાની દ્રષ્ટિએ નોકરીની મુદત પૂરી થતી હોવા છતાં તેમને નિવૃત્ત નહીં થવાનું જણાવી એ સ્થાને કાયમ રાખ્યા હતા.

ગિરનાર એ સંસ્થાનના તાબાનું મથક હોય, તેની સુધારણાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થયો હતો. અનેક યાત્રાળુઓ ગિરનારની યાત્રાએ આવતા હોય જેમાં હિન્દુઓનો હિસ્સો મોટો હતો પરંતુ પર્વતની ટોચે પહોંચવાની નડતી અનેક મુશ્કેલીઓ દૂર કરવાની તથા પગથિયાં કરવાની યોજના પણ ઘડવામાં આવી, જેમાં સ્વ. છગનલાલભાઈના દિશા સૂચનથી નવાબની મંજૂરી સાથે એક લોટરી ની યોજના તૈયાર કરવામાં આવી. જેમાં એક રૂપિયાની કુલ ચાર લાખ ટિકિટો કાઢવામાં આવી હતી. લોટરીમાં તે સમયે પ્રથમ ઇનામ ₹ ૪૦૦૦૦/- નું હતું. આ પહેલું ઇનામ મુંબઈના એક બહેનના ફાળે, જ્યારે બીજાં બે ઇનામો એક નવસારી અને બીજું પંજાબમાં આવેલા ડેરા ખાતે ગયું હતું. જ્યારે જૂનાગઢમાં માત્ર રૂપિયા ૧૦૦/- ના બે ઇનામો એક ત્રિકમરાય દ્વારકાદાસ તથા નર્મદાશંકર શંકરદાસ જીકારને પ્રાપ્ત થયાં હતાં.

આમ ભારતભરમાં ૧૮૯૨ની સાલમાં 'ગિરનાર લોટરી'ના નામે લોટરીના પ્રથમ પ્રણેતા તરીકેનું સ્થાન નડિયાદના નાગર સાક્ષર સ્વ. શ્રી છગનલાલ હરિલાલ પંડ્યાએ પ્રાપ્ત કર્યું.

સાહિત્ય તથા કેળવણી ક્ષેત્રે તેમના પુસ્તકોનો ફાલ પણ અનેરો છે, જેમાં 'કાદંબરી' નું ગુજરાતીમાં તેમણે કરેલું ભાષાંતર અગ્રસ્થાને હોઈ મુંબઈ યુનિવર્સિટીએ તેને ટેક્સ્ટ બુક તરીકે પસંદ કરતાં આજ સુધીમાં તેની અનેક આવૃત્તિઓ પ્રકટ થઈ ચૂકી છે. અને આજે પણ એ પુસ્તક ચમકતા તારા સમું કેળવણી ક્ષેત્રમાં અગ્રસ્થાન ભોગવી રહ્યું છે. આમ સ્વ. શ્રી છગનલાલભાઈએ માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સારાય ભારતમાં તેમના જ્ઞાનની જ્યોત પ્રસરાવી છે, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

- કપિલપ્રસાદ મ. દવે અમદાવાદ

---

સર્જનહારની શક્તિનું સર્જન શાસ્ત્રો કહે છે માનવી,
વિચાર અને બુદ્ધિની દેન ઈશ્વરની ગણતો માનવી,
સમુદ્રના તળને કદાચ માપી શકો માનવીમાં
પણ ના શકો સમજી ખુદ ખુદાનું સર્જન માનવી.
અસલી પોતાને અહીં કોણ પીછાણી શક્યું અહીં ?
છે અનેક ખૂબી અને ખાસિયત ભરેલો માનવી,
ચહેરો અસલી ક્યારે જોવા નહીં મળે;
બહુ કઠિન છે ખરેખર સમજવો માનવી.
રૂપ, રંગ અને રોશની બધું જ કૃત્રિમ દીસે છે,
હૃદય અને કોઈ નૂર વગરનો માનવી,
શાસ્ત્રો કહે પ્રતિકૃતિ ઈશની;
હું માનું નહીં લાગ્યો છે દાનવની લગો લગ મને તો માનવી.
આશા, ઉમંગ, ઉત્કર્ષ માર્ગે ના નિરાશ થતો 'અંશુ' હજુ
માનવ થશે માનવ જરૂર, પ્રભુ પુષ્પ બનશે માનવી.

- મહેશકુમાર દેસાઈ 'પ્રેરણાંશુ'- રાજકોટ.

યાદ

જગત તો આજ ભૌતિકવાદ પાછળ દોટ મેલે છે
નહિં સમજાય બીજાથી સહુ જે ખેલે છે.
સહુ પોતા તણાં સુખમાં બનીને મસ્ત રહેનારા
કદી પરમાર્થમાં પ્રીતિ નહીં અહીં કોઈ કરનારા
થયા છે કાયદા જાજા વકીલોનીએ વણજારો
વધ્યા કંકાસ અને કજિયા નહીં આરો કે વારો
નૂતન શોધો દવાઓની અને છે ડોક્ટરો જાઝા
વધ્યાં છે દર્દ પણ સાથે ખરેખર મુકતાં માજા
જગતના કોઈ સર્જનની જ્યારે કારી ફાવે છે
કહે 'કૌશિક' જગતનો નાથ ત્યારે યાદ આવે છે.

- કૌશિકભાઈ વૈદ્ય-રાજકોટ.

(કકબ નવેમ્બર-૨૦૦૦)




કાર્ટૂનિસ્ટ : રમેશ બૂચ, મુંબઈ

## ચેતના વિકાસનાં ત્રણ સોપાન : કલમ, કડછી, બરછી - કર્નલ સી. સી. બક્ષી

નમામિ હાટકેશ્વરમ

શ્રી રામચરિત માનસમાં સંત કવિ તુલસીદાસજીએ ત્રિવિધ તાપની વાત કરી છે. તેનાથી બચવા માટે વાસ્તવિક સ્તરે આપણા જીવનની લગભગ તમામ પ્રવૃત્તિઓ હોય છે. આપણા જીવનમાં જે જે મુશ્કેલીઓ આવે છે, તેનાં મુખ્ય કારણ છે ત્રિવિધ (ત્રણ) પ્રકારની અછત..૧. અજ્ઞાન ૨. અભાવ ૩. અશક્તિ.

કલમ : સર્વપ્રથમ છે અજ્ઞાન. આ માત્ર ભણતરની ઉણપની જ વાત નથી, બુદ્ધિની અછતની વાત છે. મંદ બુદ્ધિ, યાદશક્તિ કમજોર હોય, વિવેક બુદ્ધિ તથા નિર્ણય શક્તિ (ડીસીશન મેઇકિંગ) નો અભાવ હોય, મનની ચંચળતા વધારે હોય, કડીબદ્ધ આયોજનની અશક્તિ હોય, તદુપરાંત લોભ ઉદ્ધતાઈ, બીજાનું અપમાન કરવાની વૃત્તિ ઈત્યાદિ ક્ષતિઓનો પણ અજ્ઞાનમાં સમાવેશ થાય. આના નિવારણનો ઈલાજ અથવા એ ન થાય એનો રસ્તો સાવ સરળ છતાં સો ટકા અસરકારક છે. અહીં જરા મંત્ર વિજ્ઞાન બાબત કહું, ભાષાના દરેક અક્ષર શબ્દના અમુક માત્રામાં સ્પંદનો (વાઇબ્રેશન્સ) હોય છે એના ગુણધર્મ છે. આપણા દેવ દૈવીઓ છે, જેને આપણે શ્રદ્ધાને કારણે પરમાત્માનાં સ્વરૂપો માનીએ છીએ, તેના નામ છે, એટલું જ નહીં દરેકના મંત્ર અને તેના ટૂંકાવેલા ધ્વનિ પ્રતીક તે બીજ અક્ષર છે. પરમાત્માનાં જે ત્રણ કાર્યક્ષેત્ર છે તેમાં અમુક સ્વરૂપો કાર્યરત છે અને એ દૈવી યુગલ હોય છે. યુગલનો અર્થ છે -બે પ્રભાવ-સ્પંદનનો દ્વિપ્રભાવ (પલ્સેશન) આને દેવ દેવીની સંજ્ઞા દઈએ તો બ્રહ્મા-મહા સરસ્વતી આવું દૈવી યુગલ થયું. બ્રહ્મા સર્જન કરે છે એટલે કોઈ કામ શરૂ કરવું હોય આવિષ્કાર કરવો હોય ત્યારે બ્રહ્માનું સ્મરણ- આહ્વાન કરવું. બ્રહ્માની સાથોસાથ મહા સરસ્વતીનું સ્મરણ થાય જ તે વિદ્યા, વાણી, કળા, મેધા તથા માનસિક શક્તિ દેનારી છે. ઐશ્વર્ય તત્વના સ્પંદનનાં બે અખંડ અવિભાજ્ય પાસાં છે. આમ તો ઈશ્વરનો કોઈ આકાર ન હોય, પણ જ્યારે આપણે અક્ષર કે મંત્ર બોલીએ ત્યારે આપણે ઈશ્વરનાં એ સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ. આ શબ્દ મંત્ર ઈશ્વરનું એક પરિમાણી (યુનિડાયમેન્શનલ) સ્વરૂપ છે. જ્યારે નામ લેખન કે ચિત્રણ કરીએ ત્યારે દ્વિપરિણામી સ્વરૂપ છે અને મૂર્તિ ત્રિપરિમાણી સ્વરૂપ છે. બ્રહ્મા-મહાસરસ્વતીનું એક પરિમણ સ્વરૂપ ધ્વન્યાત્મક બીજ 'ए ' છે અને આજે દૈવી યુગલનું મંદિર જ્યાંથી જીભ શરુ થાય છે ત્યાં ગળામાં છે. આ મંદિર સ્થુળ શરીરમાં છે છતાં દેખાતું નથી, સૂક્ષ્મ શરીરમાં દેખાય. આ જગ્યાએ મન લગાડો, ચિત્ત મૌન રાખી સ્વયં સૂચન તમારા અંતર મનના અત્યાર સુધી વારંવાર આપો. આ બીજના જપ ધ્યાનથી દૈવી યુગલ તમને બધા જ લાભ આપશે અને ए બીજનો જપ ચાલુ રાખો. આનાથી કાર્યદક્ષતા ઘણી વધશે અને વ્યક્તિ પોતાના વ્યવસાયમાં શ્રેષ્ઠ પરિણામો લાવી શકશે. અન્યને પણ માનસિક તીવ્રતા અને સંકલ્પ વડે પહોંચાડી શકાય. 'કલમ' એ નાગરોના બુદ્ધિવૈભવનું આ મંત્ર જેવું જ પ્રતીક છે. નાગરને સરસ્વતીની કુદરતી બક્ષીસ છે છતાં એમાં ઉણપ જણાય તો મંત્ર જાપથી પૂર્તિ થાય.

કડછી : અજ્ઞાન પછી અભાવની વાત.અભાવ એટલે આર્થિક સધ્ધરતા અને ઐશ્વર્યની કમી. આજે આ વાત પ્રસ્તુત છે. બુદ્ધિ ગમે તેવી હોય જ્ઞાન હોય કલા શક્તિ હોય પણ ધનની અછતના કારણે આવા માણસને જ્ઞાતિ કે સમાજ સેકન્ડ ક્લાસ સીટીઝન ગણે છે, એટલે જીવનમાં આર્થિક સધ્ધરતા પ્રથમ આવશ્યક છે.. અને આવી આર્થિક સધ્ધરતા પછી જ શુદ્ધ નૈતિક અને સદાચારી જીવનનો ખરો અવકાશ રહે છે.

આનું યુગલ તે વિષ્ણુ મહાલક્ષ્મી. ધન ધાન્ય, સંપત્તિ, ભર્યા ભંડાર એ બધું મહાલક્ષ્મીની પ્રસાદી છે. અને આ જે પ્રાપ્તિ તેનું પાલનપોષણ, સંવર્ધન, રક્ષણ તે કામ વિષ્ણુનું છે. આનું બીજ હીં છે. પોતાના અને બીજાનાં પુણ્યના લાભ માટે આ બીજનો માનસિક જાપ કરવો. વિષ્ણુ મહાલક્ષ્મીનું મંદિર હૃદયની નીચે ને નાભિની ઉપર

વિરેમા શાં.ધો

વચમાં પાંસળા જુદાં પડે છે ત્યાં (સ્ટારનમ) છે. આ સંદર્ભમાં હું કડછીને રાંધવા પીરસવાના ઓજાર ઉપરાંત વિષ્ણુ મહાલક્ષ્મીનું ચિત્રાત્મક પ્રતીક ગણું છું.

બરછી : ત્રણ અછત માંની છેલ્લી છતાં બહુ મોટી અછત છે તે અશક્તિ, મન શરીરની નબળાઈ તથા તેના રોગો. મનને કારણે શરીરમાં થતા વિકારો (સાઇકો સોમેટિક) અને શારીરિક કારણે મન પર દબાણથી સર્જાતી સ્થિતિ (સોમેટીક સાઇકો) આ બધી અશક્તિઓ અંદર અડ્ડો જમાવી બેઠેલા ષડરિપુઓ રોજ રોજ સતાવે છે. બહારના શત્રુઓ પણ પરેશાન કરે છે. આ બધું હટાવી ફગાવી દઈ કસાયેલું શરીર અને પ્રફુલ્લિત માનસ પેદા કરવાની ક્ષમતા મેળવવા માટે રુદ્ર મહાકાળીનું આહ્વાન કરીએ. બીજ क्री છે. આપણા શરીરમાં નાભિની નીચે અને મૂલાધાર ચક્રની જરા ઉપર આ ત્રીજું મંદિર છે. આ બીજનો માનસિક મૌન જપ પોતાના અને સમસ્તના મન શરીરનાં સ્વાસ્થ્ય માટે કરાય.

આ સંદર્ભમાં બરછી લડાઈ, ખુનામરકી, સિપાહીગીરી, બાહુબલી પણ રુદ્ર મહાકાળીના 'क्री' બીજનું ચિત્રાત્મક ચિન્હ છે, એવું મારું અર્થઘટન છે.

ઈશ્વરના અનંત અનંત સ્વરૂપો છે એ બધાં છેવટે તો એક અજન્મા અમર્ત્ય, નિરાકાર નિરંજન પરમાત્મા શક્તિના છે. એવા ઈશ્વરનું ધ્વન્યાત્મક પ્રતીક તે છે ૐ, પતંજલ પતંજલ યોગસૂત્રના પહેલા પ્રકરણ સમાધિપાદની ર૭મુ સૂત્ર છે... तस्य वाचक: प्रणव:

હવે આપણે આપણા જીવનમાં પ્રવર્તતા અજ્ઞાન અશક્તિના સમસ્ત ને છેદવાનો મંત્ર બનાવીએ. ૐ એ' હી' ક્લી'

આ મંત્ર વિજ્ઞાનના સ્પંદનોથી આપણા મગજમાં ફેલાયેલા જ્ઞાનતંતુઓ, તે દ્વારા રક્તવાહિનીઓ, સ્નાયુઓ અને સમગ્ર શરીર પ્રભાવિત થાય છે. નબળાઈઓ દૂર થાય છે અને આસપાસનું પર્યાવરણ, સંજોગો સુંદર બને છે. એનો સંપૂર્ણ શ્રદ્ધા અને હકારાત્મક વલણથી લાભ લેતાં ચૂકીએ તે આપણી ક્ષતિ.

---



ૐકારના ધાર્મિક અને આધ્યાત્મિક જગતના મહત્વ વિશે આપણે વાકેફ છીએ..આ ચિન્હનો વિજ્ઞાન સાથે સમન્વય સાધી તેનું નવું અર્થઘટન આકૃતિ સાથે નવસારીના ડો. યોગેન્દ્રભાઈ વસાવડાએ મોકલેલ,જે જૂન-૨૦૦૩ બરછીમાં છપાયેલ. જેને સાભાર પુનઃ પ્રકાશિત કરી રહ્યા છીએ..

ૐકારમાં ત્રણ વળાંક વાળી રેખાઓ એક બિંદુ એ જોડાઈ છે, આ ત્રણેય રેખાઓ ત્રણ ભૌતિક અવકાશના પરિમાણો લાગે છે, કે જે એકબીજાને કાટખૂણે દર્શાવાઈ હોય.

સાપેક્ષવાદનું ચોથું પરિમાણ :સમય'નું છે.જે ૐકારમાં ચંદ્રકારક વડે દર્શાવવાનું સ્પષ્ટ લાગે છે. રેખાઓને વળાંકથી જ દર્શાવવાની 'રિમેનીયન' ભૌમિતિક પ્રથા જાણીતી છે.

કુદરતમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં સીધી લીટી કરતાં વળાંકવાળા આકારોજ જોવા મળે છે.

આપણા મગજની માથાની સ્થિતિનું ભાન કરાવતો અવયવ અંદરના કાનમાં આવેલો છે, જેની રચનામાં પણ આવી જ ત્રણ અર્ધ વર્તુળ નળીઓ હોય છે, કે જે દરેક એકબીજાને કાટખૂણે હોય છે. સમય માપવા આપણે પ્રાચીન કાળથી જ આકાશી પિંડોની ચાલનો ઉપયોગ કરીએ છીએ.

આમ, ૐકાર ચિન્હ માંના ચંદ્ર તારકનું પ્રયોજન પણ સમયનું ચોથું પરિમાણ દર્શાવવાનું લાગે છે.

ટૂંકમાં ૐકાર એટલે સમય અને ત્રિભૌતિક પરિમાણોનું સામન્વયિક સાતત્ય...

Space Time Continuum!!

## વિલંબ કરો, પ્રભુ! શા માટે?

યુગે યુગે પ્રગટું છું હું
એવું વચન આપ્યું તમે ગીતામાં,
ના સમજાતું વચન પાલનમાં
આટલો વિલંબ, પ્રભુ! શા માટે?
વચન પાળવા પાર્થ સારથી!
અવતરવું પડશે આ ભૂમિ પર;
ના જોવાનું, ના કરવાનું
થતું ભારતમાં, પ્રભુ! શા માટે?
યુગધર્મ સંભારી સંભારી,
વચન સાર્થક કરો મહાપ્રભુ હવે,
સાંભળો નાથ, હવે જખ્મ કલિના
અમને સહન કરાવો શા માટે?
તમે જ કહો, અબોલના આંસુ
કોણ લુછશે, નહીં આવો તો;
વ્યથા હૃદયની કહેવા માટે
અકડળાવો આસુ, શા માટે?
જ્ઞાનયોગ કર્મયોગની સાથે
ભક્તિયોગ ફાલશે અહીં જરૂર;
ભ્રષ્ટાચારના ભોરીંગને, પ્રભુ!
પંપાળો તમે શા માટે?
ના રસ હવે દોરી ખેંચી
પાલણુ ઝુલાવવા અમને પ્રભુ!
ઉત્થાન કાજ ધર્મયુદ્ધનો
વિલંબ કરો, પ્રભુ! શા માટે?

- મહેશ એસ દેસાઈ પ્રેરણાંશુ- રાજકોટ
(કકબ-સપ્ટેમ્બર ૨૦૦૨)

## આજ જેના દ્વારે આવ્યા..

આજ જેના દ્વારે આવ્યા ભક્તના ભગવાન
જેનો જેવો ભાવ તેને આપવા વરદાન... આજ જેના...
પ્રથમ ચરણે અહલ્યાને આપ્યું જીવનદાન.. આજ જેના...
બીજા ચરણે મા સીતાને આપ્યું વાગદાન
સંગીની જીવન તણીને આપ્યું હૃદયે સ્થાન..આજ જેના...
ત્રીજા ચરણને કેવટ કેરું બહુમાન
ચરણ જેણે ધોયાં તેને આપ્યું વૈકુંઠધામ..આજ જેના...
ચોથા ચરણે શબરી કેરાં પુરાં કર્યાં અરમાન
પ્રેમે ખાધાં બોર મીઠાં છોડીને સન્માન..આજ જેના...
પાંચમા ચરણે ચાલ્યા અતિ વેગથી શ્રીરામ
અદકું સ્થાન જેને આપ્યું એવા શ્રી હનુમાન...આજ જેના...
અંતિમ ચરણ મુક્યું લંકેશને દ્વાર
શિવભક્ત રાવણને આપ્યું મુક્તિધામ...આજ જેના...
પુરા કર્યાં સર્વેના જીવન અરમાન
રાખ્યા 'મનહર' પ્રભુએ સર્વને સમાન...આજ જેના...
આજ જેના દ્વારે આવ્યા ભક્તના ભગવાન.

- મનહર જે. વૈષ્ણવ-રાજકોટ.



બારણું જોજે ને માથું સાચવીને આવજે,
મારા દરવાજે જરા નીચો નમીને આવજે.
પ્રેમ ને સદભાવનું વાતાવરણ મળશે તને,
બૂટ-ચપ્પલ ને અહમ્ દ્વારે મૂકીને આવજે.
હોય છે હંમેશ ખુલ્લાં દ્વાર મારાં તે છતાં,
ટેરવે ભીના ટકોરા ગોઠવીને આવજે.
દોસ્તો મારા વિશે પૂરી વિગત આપે નહીં,
ક્યાંક મારા શત્રુઓને પણ મળીને આવજે.
આવશે તો એક-બે ગઝલોય સંભળાવીશ તને,
કામથી પરવારીને ધીરજ ધરીને આવજે.
જા તને દીવો બુઝાવાનો ગુનો પણ માફ છે,
પણ પવન તું એમની ખુશબૂ લઈને આવજે.
ક્યાં સુધી મળશું ખલીલ આવા કશા સગપણ વિના,
કોઈ સંબંધ આ વખત નક્કી કરીને આવજે.

- ખલીલ ધનતેજવી

હળવા મૂડમાં...(કકબ નવે.૨૦૦૨)

## નાગર એટલે નાગર એટલે નાગર...

"નાગર પણ કેવા?" અંબાજી ધામમાં - ગામમાં એક ધર્મશાળા, પણ પંચતારકના મેનેજરના પત્ની શ્રી ઉવાચ."વડનગરા" સગર્વ જવાબ આપ્યો. "વડનગરાની ધર્મશાળા બાજુમાં છે, અહીં જગ્યા નથી, પણ નાગર તો ખરાને જગ્યા કેમ મળે નહીં?""આ ધર્મશાળા સાઠોદરા નાગરોની છે એટલે..." પત્યું. વિસનગરમાં પણ જગ્યા નહોતી અને વડનગરામાં ગૃહસ્થથી રહેવાય તેમ નહોતું. આખરે 'ગાંધીનગરા' થઈ સરકારી ધર્મશાળા- હોલીડે હોમને શરણે ગયા.નાગરનું અંતિમ તીર્થ તો સરકારશ્રીને શરણે જ ને! વડની જ વડવાઈમાં આજે વડને જ જગ્યા મળે નહીં!! કચ્છ સૌરાષ્ટ્રમાં નાગર એટલે વડનગરા અને આ વડની બીજી શાખા-પ્રશાખા પણ છે તે જાણ્યું ગુજરાતમાં."નાગર એટલે તમે નાગર બ્રાહ્મણ?" "ના, નાગર બ્રાહ્મણ અમારા ગોર- અમે નાગર" એટલે નાગર. બ્રાહ્મણ નહીં તો પછી વૈશ્ય? હા, કેટલાક ધૂમકેતુ હર્ષદ કે કેતનને હંફાવે તેવા થયા, પણ તે તો અપવાદ. બાકી નાગરને અને લક્ષ્મીને લેણું નહીં, 'સ્મશાને રવા, ક્રીડા...

'નાગરની જાન લઈ જતી બસના ડ્રાઇવરે પૂછ્યું કે તમે વારેવારે જય હાડકેશ...જય હાડકેશ બોલો છો, તો હાડકેશ એટલે કોણ? આ ભોળીયો હાટકેશને હાડકેશ સાંભળતો હતો અરે બાપુ, અમારે અને 'હાર્ડકેશ'ને સંબંધ ઓછો!તો પછી નાગર એટલે ક્ષત્રિય! બરછીનું ચિન્હ ખરું, પણ વાપરવાના વાંધા. કેટલાક 'નોન નાગરો'ના મત પ્રમાણે ખરેખર સોપારી કાપવાની સૂડીને ત્યાં સ્થાન મળે! હા, બરછી જેવી જીભ્યા, ઊભા ને ઉભા વાઢી નાખે!

મનુવાદનો અંતિમ વર્ણ રહ્યો પણ, માંકડપંચ કે બક્ષીપંચમાં માંકડ કે બક્ષી ને જ સ્થાન નથી! તો લઘુમતી કોમ? કદાચ માઇક્રો લઘુમતી હશું આપણે. પણ "નાનો તોય રાઈનો દાણો!!" (ટાણે કટાણે જોક સંભળાવી ત્રાસવાદ ફેલાવે!!!)સુખપાવનીનું સેવન કરી સુખ મેળવી લેતા નાગર નો આત્મવિશ્વાસ ગજબનો! પેઢીમાં ચેક લખવાનું કામ કરતા હોઈએ, પણ "આપણે લખીએ તો પેલો સહી કરે ને..!" તેમ માનવા વાળા આપણે. અમારા એક યુવાન મિત્રને તાજેતરમાં નોકરી મળી છે તે આત્મવિશ્વાસથી કહે છે કે, "પેલો મુકેશ પૈસાના ગોટાળા ન કરે એટલે અનિલે મને બોલાવીને કહ્યું કે તું આપણી વડોદરા ઓફિસના હિસાબનું ધ્યાન રાખ...

'નાગર અને સરકારી નોકરીને 'ચોલી દામન' નો સાથ. ગાંધીનગર રહેતા અમારા એક રાજકારણી વડીલની એ જ ફરિયાદ હતી કે કોઈપણ નાગર તેમને મળવા આવે તો નોકરીની જ વાત કરે..!! પણ નાગરને નોકરી મળે તે તેની લાયકાતના જોરે જ મળી છે, કોઈ લાગવગથી નહીં તેમ ખૂબ જ ભારપૂર્વક માને અને તમને પણ મનાવે, પછી ભલે તમે ભલામણ કરી હોય ને!નાગર એટલે નિર્વ્યસની. વ્યસનને કાચ કાચું ચાવી જાય, પણ કંઠ નીચે નહીં ઉતારવાનું -નીલકંઠનો ભક્ત અને રક્તવર્ણા દંત વાળો પાનદાન સાથે થૂંકદાન પણ ખરું જ.નાગર એટલે નિષ્ઠાવાન પૂરો. નોકરીમાં સમયનો પાબંદ. એક બેંકમાં ફરિયાદ થઈ કે કેશીયર દરરોજ ૪૫ મિનિટ મોડા આવે છે. નાગર કેશીયર કહે કે તમને ખબર છે કે, હું દરરોજ ૪૫ મિનિટ મોડો આવું છું, તો તમે પણ ૪૫ મિનિટ મોડા આવોને, વહેલા શા માટે ગુડાવ છો? અનિયમિતતામાં પણ નિયમિતતા. નાગરો સ્વતંત્રસેનાની પણ ખરા પરંતુ જ્યારે બીજા સ્વતંત્ર સેનાનીઓએ દેશને પાંજરાપોળ બનાવ્યો, ત્યારે નાગર પાંજરાપોળ પકડીને બેસી રહ્યો.રાજવી ઘરાનાના સંપર્કે કેળવેલ- મેળવેલ રાજવી ગુણોના કદરદાન રાજાશાહી સાથે જ અસ્ત થયા. સિંહ

ગયા અને શિયાળવા આવ્યાં (રહ્યાં)...અશોક સ્તંભ પર ઉભેલા સિંહો પૂઠ ફેરવીને બેઠા છે. જો ચારેયમાં હું એક તરફ સાથે હોત તો ચારે વહેંચીને અને રાજ કરત.

નાગર એટલે ઉચ્ચવર્ણ અને તેમાં આપણે ઉચ્ચતમ એવું માનીને 'છ ગામ' 'સતાવી ગામ' ના ગોળ પર કટાક્ષ કરતાં વિદ્યાના નગરમાં નાગરોના 'ભાવ અને અભાવ' ના ગોળનગરો માણ્યાં. વડોદરામાં નાગરોના ગોળમાં ખાતર કેમિકલ, ફાઇબર સાથે વિદ્યુત અને ફાયર પણ ખરા!ઉચ્ચ ઉચ્ચતર અને ઉચ્ચતરની શોધમાં આપણે જ્ઞાતિ મેળામાંથી કૌટુંબિકમેળા પર આવ્યા, આવતીકાલે નાગર દંપત્તિ પાટોત્સવ ઉજવશે અને NRI પુત્ર ઇ-મેઇલ કરશે જે સમાચાર બરછીમાં અચૂક હશે!!!

પદાર્થ વિજ્ઞાનમાં પદાર્થનું વિઘટન થતાં અને પરમાણું મળે અને તેના વિઘટનથી પ્રચંડ ઊર્જા- પરમાણુ ઊર્જા મળે છે.જ્ઞાતિમાં વિઘટનથી શું મળે- શું મેળવ્યું? તેનું સંશોધન કરવા જેવું છે.નાગરો આગે બઢો, તમારે કશું ગુમાવવાનું નથી સિવાય કે તમારો અહમ્...!!!

અહમ્ બ્રહ્માસ્મિ...!

- બાલેંન્દુ વૈદ્ય-વડોદરા.

---

જ્ઞાતિ રત્ન :

**જશવંતરાય જયંતિલાલ અંજારિયા (જન્મ : ૧૫ જુલાઈ ૧૯૦૮, કચ્છ-ભુજ; અવસાન : ૧૦ એપ્રિલ ૧૯૭૦, દિલ્હી) :**

મૂળ અંજાર(કચ્છ)ના જશવંતરાય જયંતિલાલ અંજારિયાએ અર્થશાસ્ત્રના વિષય સાથે મુંબઈની વિલ્સન કૉલેજમાંથી બી.એ.ની પદવી પ્રાપ્ત કર્યા બાદ મુંબઈ યુનિવર્સિટી તથા લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાંથી અનુસ્નાતક પદવીઓ પ્રાપ્ત કરી હતી. લંડન સ્કૂલના આ અભ્યાસ દરમિયાન વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. લાયનલ રૉબિન્સ તેમની તેજસ્વિતાથી પ્રભાવિત થયા હતા.

અર્થશાસ્ત્રના અધ્યાપક તરીકે તેઓએ પોતાની કારકિર્દી અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં શરૂ કરી હતી. તે પછી પુણે તથા મુંબઈ યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા, રીડર તથા પ્રોફેસરના પદ પર કાર્ય કર્યું. ૧૯૪૬માં આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (IMF)ના સંશોધન વિભાગમાં સહાયક મુખ્ય અધિકારી (Assistant Division Chief) નિમાયા. ૧૯૪૮માં ભારતીય રિઝર્વ બૅંકમાં નાણાકીય સંશોધન વિભાગમાં નિયામક નિમાયા. ભારતના આયોજન પંચના આર્થિક બાબતોના વિભાગમાં મુખ્ય અધિકારી તરીકે થોડાં સમય દરમિયાન સેવાઓ આપ્યા બાદ ૧૯૫૩માં તેઓ કેન્દ્ર સરકારના નાણાખાતાના સલાહકાર બન્યા.૧૯૫૭માં તેમને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'ના ઈલ્કાબથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૧૯૬૧માં આંતરરાષ્ટ્રીય નાણાભંડોળના 'એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર', ૧૯૬૭માં ભારતીય રિઝર્વ બૅંકના ડેપ્યુટી ગવર્નર અને ૧૯૬૮માં લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સના ઑનરરી ફેલો તરીકે પસંદગી પામ્યા.

વિખ્યાત અર્થશાસ્ત્રી અને ઉચ્ચ કક્ષાના વહીવટકર્તા એવા શ્રી જશવંતરાયભાઈનો ભારતની પહેલી પંચવર્ષીય યોજનાના ઢાંચા તથા વિકાસ અંગેની સમગ્ર ફિલસૂફીના મનન તથા ચિંતનમાં મહત્વનો ફાળો રહ્યો છે. અનેક પ્રકારની આર્થિક પરિસ્થિતિઓ તથા સમસ્યાઓ વિશેની તેમની નોંધો જે તે ખાતાની સરકારી ફાઇલોમાં છે. તેઓના પ્રસિદ્ધિ પામેલા લેખો જેટલી જ તેમની આ નોંધો ભારતની આર્થિક નીતિના ઘડતરના અભ્યાસમાં ઉપયોગી છે.

તેઓએ અર્થશાસ્ત્ર વિષય પર સ્વતંત્ર રીતે તથા સહલેખક તરીકે પુસ્તકો લખ્યાં છે, જેમાં 'Grounds for Political Obligation in the Hindu State'; 'The Indian Rural Problem'; 'Price Control and Food Problem in India; 'Essay on Gandhian Economics'; 'War and Middle Class in India' મુખ્ય છે.

સંકલન: હૃષિકેશ પાઠક

પ્રેષક : પ્રતીક અશોકભાઈ અંજારિયા-વડોદરા.

# જૂનાગઢમાં આપણું મુકામ સ્થાન એવા શ્રી નરસિંહ મહેતા ધામ અંગે...

થોડા સમય પહેલાં સોશિયલ મીડિયામાં જ્ઞાતિની જગ્યા નરસિંહ ધામમાં હવે સાફ-સફાઈ નથી, કેન્ટીન ડાઇનિંગ હોલ બંધ થઈ ગયાં છે.. વગેરે વગેરે.. દુષ્પ્રચાર ફેલાવવામાં આવ્યો હતો. કેટલાક બંધુઓએ નકારાત્મક મત આપ્યો.





(વ્યક્તિગત ઈર્ષા, પૂર્વગ્રહ,તેજો દ્વેષ, જ્ઞાતિની ખાસિયત મુજબ સારું કામ થતું હોય તેનો વિરોધ, જેવાં ઘણા કારણો હોઈ શકે.. સમાજ કે સોશિયલ મીડિયામાં 'નેગેટીવ' વાતુ વાયુવેગે ફેલાય છે.) બાદમાં યાદ આવતાં જ્ઞાતિના સેવાભાવી કાર્યકર અને બરછીને પ્રતિનિધિ તરીકે પણ સેવાઓ આપનાર દિવ્યાંગભાઈ વૈષ્ણવ (ડીસી)ને આ સંબંધે અને (મારા જીગરી મિત્ર અને અમારા પરિવારના સ્વજન એવા ઉત્કલ વૈષ્ણવના ભાઈ તરીકેના) અંગત સંબંધે હકીકત જાણવા ફોન કરતાં તેમણે જણાવ્યું કે આ માત્ર ફેલાવવામાં આવેલો કુપ્રચાર છે. આ બાબતે ઘણી વાત કર્યા પછી છેલ્લે માત્ર જાણવા જ કહ્યું કે “મારી હાલમાં જ મેનેજિંગ દ્રષ્ટિ તરીકે નિયુક્તિ થઈ છે”, તેથી શા કારણે આવો પ્રચાર થાય છે, કેન્ટીંગ બંધ કરવાના કારણો વગેરે સ્પષ્ટતા સાથે ઘણી વાતો કરી. અને પ્રેમથી પુરા વિશ્વાસથી કહ્યું કે તમે આવો અને જોઈ જાવ પછી તમારો તટસ્થ અભિપ્રાય કહેજો...

જો કે અમે તો આ પહેલા નરસિંહ ધામમાં જ રહેવાનો નિર્ણય કરી અગાઉથી બુકિંગ પણ કરાવી દીધું હતું... અને તા. ૨૬-૨૭ જૂલાઇ અમે, દાદા મગનભાઈ ધોળકિયા પરિવારના ૨૦ સભ્યો ત્યાં પહોંચ્યા અને ચિત્ર ખરેખર જુદું જ હતું.. સ્વચ્છ પરિસર, સવારની અને બપોર બાદની વ્યવસ્થા અને વહીવટ સંભાળતા અનુક્રમે શ્રી જાગૃતભાઈ છાયા અને શ્રી દિનેશભાઈ વસાવડા દ્વારા આવકાર, અંગત સંબંધોથી પર, નીતિ નિયમ અનુસાર સુચારુ વહીવટ, બધી પ્રાથમિક સુવિધાઓ સાથેના ડબલ બેડ એસી નોન એસી વિશાળ રૂમ, સાફ સુથરા 'વોશરૂમ' અને આગળના ભાગમાં ખૂબ વિશાળ પરસાળ (લોબી) અને તેમાં બંને છેડે આપણે નાગરોના પ્રિય એવા હીંચકા ઉપર શાંતિથી ઝૂલતાં, ગરવા ગિરનાર અને સોળે કળાએ ખીલેલી કુદરતના સૌંદર્યને જોઈ માણી શકો.. સાથે મળીને વાતોના ગપાટા, બાળક સાથે મોજ મસ્તી, અને અમે નાના મોટા ભાઈ બહેનો સાથે હોતાં ત્યાં રાખડી- રક્ષાબંધન પર્વ પણ ઉજવ્યું. આવી મજા હોટલમાં મળે!?

આવાં કુલ ૩ સંકુલમાં આવી જ તમામ વ્યવસ્થા ઉપરાંત દરેક સંકુલમાં નીચે પાર્ટી પ્રસંગ માટે હોલની સુવિધા. વિશાળ ખુલ્લી જગ્યા, દરેક સુવિધાઓ સાથે નિવાસ, હોલ-વાડી કેટલાં શહેરોમાં હશે? અને તે પણ આજના સમયમાં ઘણા જ વ્યાજબી દરે! (દિવ્યાંગભાઈ (ડીસી) વરસાદને કારણે રૂબરૂ તો ન મળી શકતાં તેમનો ફોન આવતાં પરિવાર વતી આભાર માનતાં મેં કહ્યું કે સુવિધા, વ્યવસ્થા અને વહીવટ તમારા કહેવા મુજબ ખરેખર ઉત્તમ છે.)

હા, બહારની દરેક વ્યક્તિને પરિસરમાં આવવા નિષેધ, રૂમમાં ખાનપાનની પાબંદી જેવા નિયમો ખરા, પણ તે આપણા સૌના લાભ માટે અને સ્વચ્છતા જળવાય તે માટે જરૂરી પણ છે.

છેલ્લે...વડીલો સાથે હોવાથી સ્વાનુભવે એટલું જરૂર કહીશું કે જે કોઈ કારણોસર બંધ કરવામાં આવેલ કેન્ટીન ડાઇનિંગ હોલ ફરીથી શરુ થાય તો સૌ કોઈને માટે ઉપકારક નીવડશે... સોનામાં સુગંધ ભળશે.

અંતમાં...સ્વ.મુ. લાલભાઈ દેસાઈ, તેઓના પુત્ર વ્યોમેશભાઈની જ્ઞાતિભાવના અને દીર્ઘદ્રષ્ટિને નમન, ડી.સી. તથા અન્ય ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપકોને ધન્યવાદ આપીએ.

(આ અમારો અનુભવ ને અભિપ્રાય છે. તમારા અભિપ્રાય kkb fb ગ્રુપમાં શેર કરી શકો છો) - વિરેન શાં. ધો.